# એસ. એસ. સી. પછીની શિષ્યવૃત્તિ યોજના: એક મૂલ્યાંકન

અહેવાલ લેખન
**ડૉ. સિદ્ધરાજ સોલંકી**
**શ્રીમતી કોકિલાબહેન શાહ**

કોષ્ટકીકરણ
શ્રીમતી કોકિલાબહેન શાહ

45

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

# એસ. એસ. સી. પછીની શિષ્યવૃત્તિ યોજના : એક મૂલ્યાંકન

અહેવાલ લેખન

**ડૉ. સિદ્ધરાજ સોલંકી**
**શ્રીમતી કોકિલાબહેન શાહ**

કોષ્ટકીકરણ

શ્રીમતી કોકિલાબહેન શાહ

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.**

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૭૭

## આવકાર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા થતાં સંશોધનોની જાણકારી તેમાં રસ ધરાવતા વર્ગને મળે તે આશયથી કેન્દ્રનું આ સંશોધન સાયકલોસ્ટાઈલ સ્વરૂપે મૂકવામાં આવે છે. આદિવાસી વિકાસકાર્યની સાથે સંકળાયેલા સંશોધકો, સમાજસેવકો, વહીવટદારો, વિદ્યાર્થીઓ અને અન્ય અભ્યાસીઓ આ અહેવાલ જોઈને સૂચનો કરશે તો તે કેન્દ્રને તેના ભવિષ્યના કામમાં મદદરૂપ થશે. આ સંશોધનમાં ભાગ લેનાર સંશોધકને અભિનંદન આપું છું.

**રતિલાલ દે. આડતિયા**
મહામાત્ર

# પ્રાસ્તાવિક નોંધ

સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રીની ભલામણ અનુસાર, એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ યોજનાની આ મૂલ્યાંકન મોજણી ૧૯૭૬ના પ્રારંભમાં હાથ ધરવામાં આવી હતી. આ મોજણી માટેની વિવિધ સંબંધિત પ્રશ્નાવલીનો પ્રત્યુત્તર પાઠવવા માટે ઉત્તરદાતા વિદ્યાર્થીઓ, કોલેજોના આચાર્યશ્રીઓ, અને સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓ તરફથી તેમજ તપાસના વર્ષમાં તપાસ હેઠળના વિદ્યાર્થીઓ અંગેની તેમજ અન્ય કેટલીક સંબંધિત વિગતો પૂરી પાડવામાં સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રીની કચેરી તરફથી સાંપડેલા સહકારની કદ્ર સાભાર નોંધ લે છે.

સિધ્ધરાજ સોલંકી
કાર્યકારી નિયામક

# પ્રકરણ : ૧

## પ્રાસ્તાવિક

પછાતવર્ગને શૈક્ષણિક રીતે અન્ય સમાજની સમકક્ષ લાવવાના ભારતીય બંધારણમાં રાખવામાં આવેલા લક્ષને સિધ્ધ કરવા માટે વિવિધ રાજ્ય સરકારો અને ભારત સરકાર દ્વારા વિવિધ સ્તરે અમલમાં મૂકવામાં આવેલી અનેકવિધ યોજનાઓ પૈકી ખૂબ જ મહત્વની અને જેનાં નક્કર પરિણામ પ્રત્યક્ષ રીતે જોવા મળ્યાં હોય એવી એક યોજના એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ યોજના છે. આ શિષ્યવૃત્તિ યોજના ૧૯૪૪થી હરિજન વિદ્યાર્થીઓને અને ૧૯૪૮થી આદિવાસી વિદ્યાર્થીઓને લાગુ પાડવામાં આવી. પાછળથી અન્ય પછાતવર્ગોને પણ આ શિષ્યવૃત્તિ મળતી થયેલી. પહેલાં આ શિષ્યવૃત્તિ યોજનાનું સંચાલન સીધેસીધુ ભારત સરકાર દ્વારા દિલ્હીથી થતું. પાછળથી તેનો વ્યાપ દરેક રાજ્યમાં ખૂબ વધતાં, દરેક રાજ્ય સરકારોને હસ્તક આ યોજના મૂકવામાં આવેલી. અને એ રીતે એનું સંચાલન ગુજરાત રાજ્યમાં, સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રીને સોંપવામાં આવેલું. નવું ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી ૧૯૬૧-૬૨થી ૧૯૭૪-૭૫ સુધીના છેલ્લા પંદર વર્ષના વિવિધ જૂથમાં આ શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓ અંગેના કોઠા નં.૧.૧માંના વિશ્લેષણ પરથી જણાય છે કે પછાતવર્ગના વિવિધ જૂથના વિદ્યાર્થીઓમાં શિષ્યવૃત્તિ મેળવનાર સૌથી વધુ વિદ્યાર્થીઓમાં ૧૯૬૪-૬૫ પહેલાં, હરિજન, આદિવાસી અને અન્ય પછાતવર્ગના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. અન્ય પછાતવર્ગની જાતિવાર યાદી રદ કરવામાં આવતાં, આ યાદીમાં સમાવિષ્ટ થયેલી કોમોને શિષ્યવૃત્તિ આપવાની પ્રથા નાબૂદ કરવામાં આવી પણ જે વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ હતો તે બધાને તે પૂરો થાય ત્યાં સુધી શિષ્યવૃત્તિ ચાલુ રાખવાનું આવકાર્ય પગલું ભરવામાં આવ્યું તેથી અન્ય પછાતવર્ગની સંખ્યામાં ૧૯૬૧-૬૨થી ૧૯૬૯-૭૦ સુધીના ગાળામાં તેની સંખ્યામાં ક્રમશ: ઘટાડો થતો જોઇ શકાય છે. જ્યારે તેની સાથે સાથે ૧૯૬૪-૬૫ પહેલાં અન્ય પછાતવર્ગોમાં જેનો સમાવેશ થતો હતો એવી આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવી ઘણીખરી જાતિનો, ભટકતી કોમો, વિમુક્ત જાતિઓના વર્ગીકરણ હેઠળ જ્ઞાતિ યા જાતિના કોઇપણ પ્રકારના ભેદ સિવાય માત્ર નિશ્ચિત આવકના ધોરણ પર, ૧૯૬૪-૬૫થી એક અલગ વર્ગીકરણ હેઠળ, નિયત રકમની ફાળવણી કરીને તેમાં જેટલા વિદ્યાર્થીઓને લાભ આપી શકાય તેટલાને આપવાની યોજના અમલી બની. પરિણામે ૧૯૬૪-૬૫થી કોઠા નં.૧.૧માં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે ક્રમશ: આ ત્રણ વર્ગોને શિષ્યવૃત્તિ અપાતી પણ આપણે જોઇ શકીએ છીએ.

## કોઠા નં.૧.૧

ગુજરાત રાજયમાં એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિના વિવિધ જાયવાર લાભાર્થીઓ અને ખર્ચ દર્શાવતો કોઠો

| વર્ષ | હરિજન | | આદિવાસી | | અન્ય પછાતવર્ગો | | ભટકતી કોમો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ખર્ચ | લાભાર્થીઓ | ખર્ચ | લાભાર્થીઓ | ખર્ચ | લાભાર્થીઓ | ખર્ચ | લાભાર્થીઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૯૬૦-૬૧ | ૪૭૮૯૧૦ | ૧૩૦૭ | ૮૧૮૩૪ | ૨૦૨ | ૧૦૬૩૦૫ | ૧૫૪ | - | - |
| ૧૯૬૧-૬૨ | ૪૯૩૧૨૮ | ૧૪૦૭ | ૯૫૩૭૨ | ૨૫૧ | ૧૦૮૦૪૪ | ૧૬૫ | - | - |
| ૧૯૬૨-૬૩ | ૯૦૧૫૬૫ | ૧૪૬૮ | ૨૨૬૩૭૫ | ૩૫૩ | ૧૦૭૧૫૫ | ૧૫૮ | - | - |
| ૧૯૬૩-૬૪ | ૧૦૫૧૯૫૮ | ૧૭૬૩ | ૨૭૭૩૫૩ | ૪૧૪ | ૧૦૬૪૯૬ | ૧૩૨ | - | - |
| ૧૯૬૪-૬૫ | ૧૪૧૪૬૮૩ | ૨૨૬૦ | ૩૬૮૨૭૬ | ૫૩૫ | ૫૧૨૪૦. | ૬૮ | ૧૪૯૪૦ | ૨૪ |
| ૧૯૬૫-૬૬ | ૧૬૭૧૭૪૪ | ૨૨૫૭ | ૫૧૯૮૧૩ | ૭૪૫ | ૩૦૭૭૮ | ૩૬ | ૨૨૩૧૫ | ૩૪ |
| ૧૯૬૬-૬૭ | ૨૪૮૭૩૧૧ | ૩૭૯૩ | ૮૮૨૮૫૨ | ૧૩૧૭ | ૨૪૮૦૪ | ૨૬ | ૨૯૫૮૫ | ૩૪ |
| ૧૯૬૭-૬૮ | ૨૯૦૨૧૭૪ | ૪૩૯૯ | ૧૦૬૪૭૮૪ | ૧૫૪૬ | ૯૫૦૪ | ૧૧ | ૨૪૫૬૦ | ૩૨ |
| ૧૯૬૮-૬૯ | ૩૫૨૯૫૮૭ | ૫૫૦૧ | ૧૩૦૬૩૯૧ | ૧૮૧૫ | ૧૩૭૭ | ૨ | ૨૨૫૦૮ | ૩૨ |
| ૧૯૬૯-૭૦ | ૪૪૮૪૮૮૨ | ૬૮૩૭ | ૧૭૭૦૨૪૫ | ૨૪૯૯ | ૧૯૪૩ | ૨ | ૨૭૭૪૦ | ૩૭ |
| ૧૯૭૦-૭૧ | ૪૫૬૧૫૬૪ | ૬૮૩૨ | ૧૮૫૪૩૩૬ | ૨૫૧૯ | - | - | ૨૫૯૫૪ | ૩૬ |
| ૧૯૭૧-૭૨ | ૫૭૮૯૪૭૬ | ૭૨૭૪ | ૨૮૯૦૬૯૭ | ૩૩૬૩ | - | - | ૩૮૪૧૮૦ | ૫૬૫ |
| ૧૯૭૨-૭૩ | ૬૯૨૮૮૩૫ | ૯૨૯૬ | ૩૫૯૧૮૨૯ | ૪૮૦૬ | - | - | ૭૭૧૦૧૭ | ૯૫૭ |
| ૧૯૭૩-૭૪ | ૯૫૫૫૧૪૭ | ૧૨૯૦૪ | ૪૭૪૨૪૦૧ | ૬૦૧૬ | - | - | ૧૦૦૪૭૧૧ | ૧૨૮૦ |
| ૧૯૭૪-૭૫ | ૧૪૮.૫૯ (લાખ) | ૧૯૩૨૯ | ૬૩.૩૩ (લાખ) | ૮૧૯૦ | - | - | ૧૩.૪૫ (લાખ) | ૧૭૬૮ |



કોઠા નં.૧.૧ (ચાલુ)

| વર્ષ | વિમુકત જાતિઓ | | આર્થિક રીતે પછાત | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | ખર્ચ | લાભાર્થીઓ | ખર્ચ | લાભાર્થીઓ | ખર્ચ | લાભાર્થીઓ |
| ૧ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૯૬૦-૬૧ | - | - | - | - | ૬૬૭૦૪૯ | ૧૬૬૩ |
| ૧૯૬૧-૬૨ | - | - | - | - | ૬૯૬૫૪૪ | ૧૮૨૩ |
| ૧૯૬૨-૬૩ | - | - | - | - | ૧૨૩૬૦૯૫ | ૧૯૮૦ |
| ૧૯૬૩-૬૪ | - | - | - | - | ૧૪૩૫૮૦૭ | ૨૩૦૯ |
| ૧૯૬૪-૬૫ | ૩૨૭૭ | ૫ | ૩૬૮૭૭ | ૮૪ | ૧૮૮૯૨૯૩ | ૨૯૭૬ |
| ૧૯૬૫-૬૬ | ૭૫૦૫ | ૧૨ | ૫૦૩૪૪ | ૧૦૮ | ૨૩૦૨૪૯૯ | ૩૬૦૧ |
| ૧૯૬૬-૬૭ | ૪૯૧૪ | ૧૦ | ૫૧૨૨૧ | ૮૨ | ૩૪૮૦૬૮૭ | ૫૨૬૨ |
| ૧૯૬૭-૬૮ | ૧૧૧૩૨ | ૧૮ | ૫૩૮૨૧ | ૧૧૫ | ૪૦૬૫૯૭૫ | ૬૧૨૧ |
| ૧૯૬૮-૬૯ | ૧૪૫૪૯ | ૨૨ | ૭૪૬૮૬ | ૧૪૫ | ૪૯૪૯૦૯૮ | ૭૫૧૭ |
| ૧૯૬૯-૭૦ | ૧૪૧૫૨ | ૨૪ | ૭૦૬૪૩ | ૧૬૨ | ૬૩૬૯૬૦૫ | ૯૫૬૧ |
| ૧૯૭૦-૭૧ | ૯૬૯૮ | ૧૨ | ૮૨૨૪૮ | ૧૬૬ | ૬૫૩૩૮૦૦ | ૯૫૬૫ |
| ૧૯૭૧-૭૨ | ૧૯૨૭૯૭ | ૩૦૩. | ૬૨૫૯૫ | ૧૦૭ | ૯૩૧૯૭૪૫ | ૧૧૬૧૨ |
| ૧૯૭૨-૭૩ | ૯૮૫૭૨૬ | ૪૨૦ | ૨૭૪૯૫ | ૫૦ | ૧૨૩૦૪૯૦૨ | ૧૫૫૨૯ |
| ૧૯૭૩-૭૪ | ૪૮૨૪૨૪ | ૬૩૫ | ૪૮૪૯૦ | ૧૦૦ | ૧૫૮૩૩૧૭૩ | ૨૦૯૩૫ |
| ૧૯૭૪-૭૫ | ૭.૯૨ (લાખ) | ૮૮૦ | - | - | ૨૩૩.૨૯ (લાખ) | ૨૯૧૫૭ |

એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ મેળવનાં આ સર્વ જૂથોમાં હરિજન અને આદિવાસી વિધાર્થીઓની સંખ્યા નોંધપાત્ર પ્રમાણમાં છે. ગુજરાત રાજયની સ્થાપના થયા પછી દર પાંચ પાંચ વરસના અંતરે આગલાં પાંચ વરસના પ્રમાણમાં ખર્ચમાં તેમજ લાભાર્થીઓમાં કેટકેટલો વધારો ઘટાડો થયો તેની જો તારવણી કરીએ તો કોઠા નં.૧.૨ માં દર્શાવ્યા પ્રમાણે જોવા મળે છે.

કોઠા નં.૧.૨

દર પાંચ વર્ષે આદિવાસી અને હરિજન વિધાર્થીઓની સંખ્યા અને ખર્ચમાં થયેલા વધારાનું પ્રમાણ દર્શાવતો કોઠો.

| | ૧૯૬૦-૬૧ | ૧૯૬૪-૬૫ | વધારાનું પ્રમાણ | ૧૯૬૮-૬૯ | વધારાનું પ્રમાણ | ૧૯૭૨-૭૩ | વધારાનું પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|
| હરિજન | ૧૩૦૭ | ૨૨૬૦ | ૭૨.૯૨ | ૫૫૦૧ | ૧૪૩.૪૧ | ૯૨૯૬ | ૬૮.૯૯ |
| ખર્ચ | ૮૭૮૯૧૦ | ૧૪૧૪૬૮૩ | ૬૦.૯૬ | ૩૫૨૯૫૮૭ | ૧૪૯.૫૦ | ૬૯૨૮૮૩૫ | ૯૬.૩ |
| આદિવાસી | ૨૦૨ | ૫૩૫ | ૧૬૪.૮૫ | ૧૮૧૫ | ૨૩૯.૨૫ | ૪૮૦૬ | ૧૬૪.૭ |
| ખર્ચ | ૮૧૮૩૪ | ૩૬૮૨૭૬ | ૩૫૦.૦૩ | ૧૩૦૬૩૯૧ | ૨૫૪.૭૩ | ૩૫૯૧૮૨૯ | ૧૭૪. |

ઉપરોકત કોઠામાં જો જોઇએ તો હરિજનોની તુલનામાં આદિવાસીઓમાં થોડો વિશેષ વધારો થયેલો દેખાય છે. પણ જો તેમની ગુજરાતમાંની કુલ વસ્તી, તેમજ આ બંને જૂથોના વિધાર્થીઓની સંખ્યાને જો જો ઇએ તો હરિજનોની તુલનામાં આદિવાસી વિધાર્થીઓ, આ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવામાં ખૂબ જ પાછળ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. શિષ્યવૃત્તિ યોજના અને તેના લાભાર્થીઓએ અભ્યાસીઓનું ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું છે અને તે રીતે વિવિધ સંશોધન સંસ્થાઓ મારફતે ગુજરાતમાં પણ કેટલીક મોજણીઓ થઇ છે.

સામાન્ય રીતે આ મોજણીમાં આ શિષ્યવૃત્તિ સાથે સંબંધિત અન્ય મોજણીઓમાં જે મુદાઓ આવરવામાં આવ્યા છે, મહદશે તે સિવાયના મુદાઓને, પુનરાવર્તન ટાળવા માટે આવરવાનો, તેમજ જયાં આવશ્યકતા ઊભી થાય ત્યાં પાછલી તપાસોમાં આવરવામાં આવેલા મુદાઓનો માત્ર તુલનાત્મક વિશ્લેષણમાં જ નિર્દેશ કરવાનો ખ્યાલ રાખ્યો છે.



ગુજરાતમાં એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ સાથે સંબંધિત ત્રણેક અભ્યાસો પ્રકાશિત થયાનું જાણમાં છે. (ડૉ. સિદ્ધરાજ સોલંકી અનારાખીય, શ્રી પી.સી.બુચ ૧૯૭૦ અને ડૉ. વિમલ શાહ, ડૉ.તારા પટેલ ૧૯૭૭) આ ત્રણે અભ્યાસોમાંથી સૌથી પહેલાં હાથ ધરાયેલો અભ્યાસ છે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલો અભ્યાસ (ડૉ. સિદ્ધરાજ સોલંકી અનારાખીય.) આ અભ્યાસમાં ૧૯૬૪-૬૫ના વર્ષમાં અભ્યાસ કરતા આદિવાસી વિધાર્થીઓની જાતિવાર, વિસ્તારવાર, વિધાશાખાવાર વહેંચણી, શૈક્ષણિક પશ્ચાદભૂમિકા, વિધાર્થીઓના કુટુંબના સભ્યોની શૈક્ષણિક પશ્ચાદભૂમિકા, આદિવાસી વિધાર્થીઓની શિષ્યવૃત્તિ વિષયક, આર્થિક, સામાજિક, સંસ્કૃતિક અનુકુલન વિષયક મુશ્કેલીઓ તેમજ આ તપાસાધારિત સૂચનો આવરવામાં આવ્યાં છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી ઉપરોકત તપાસ બાદ પાંચેક વર્ષે ગુજરાત સરકારના મૂલ્યાંકન વિભાગ દ્વારા ૧૯૭૦માં થયેલી એક તપાસમાં (બુચ ૧૯૭૦) એસ.એસ.સી. પછીની આ શિષ્યવૃત્તિની યોજનાનો ઉદ્દભવ, શિષ્યવૃત્તિ આપવાની પધ્ધતિ, તેનાં ધોરણો, શિષ્યવૃત્તિનો દર, તેના લાભાર્થીઓની અલગ ગુજરાત થયા પછી તપાસના વર્ષ સુધીની વર્ષવાર સંખ્યા, શિષ્યવૃત્તિની પાછળ સરકાર દ્વારા વર્ષવાર ખર્ચાતી રકમ, ૧૯૬૩-૬૪થી ૧૯૬૬-૬૭ સુધી આ શિષ્યવૃત્તિનો લાભ લેનાર આદિવાસી જાતિઓ અને હરિજન જ્ઞાતિઓનું પ્રમાણ, છાત્રાલયવાસી અને બિન છાત્રાલયવાસી વિધાર્થીઓનું પ્રમાણ, છાત્રાલયમાં દાખલ ન થવા માટેનાં કારણો, છાત્રાલય ખર્ચ, શિષ્યવૃત્તિની રકમની વહેંચણી, ઉચ્ચક રકમ અને શિષ્યવૃત્તિની બાકીની રકમની વહેંચણી વચ્ચેનો ગાળો, વિધાર્થીઓને શિષ્યવૃત્તિની અરજી કરતાં તેમજ શિષ્યવૃત્તિ મેળવતાં પડતી મુશ્કેલીઓ, શિષ્યવૃત્તિના દરની પર્યાપ્તતા, વિધાર્થીઓ અને કોલેજોના આચાર્યો દ્વારા આ શિષ્યવૃત્તિના સંદર્ભમાં દર્શાવાયેલી મુશ્કેલીઓ, શિષ્યવૃત્તિ પ્રાપ્તકર્તાઓ દ્વારા થયેલાં સૂચનો અને કાયદાનો અભ્યાસ કરતા વિધાર્થીઓનો કિસ્સા અભ્યાસ, વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ડૉ. વિમલ શાહ અને ડૉ.તારા પટેલના (૧૯૭૦) અભ્યાસમાં, વિવિધ અભ્યાસક્રમવાર પ્રમાણ, આદિવાસી જાતિઓ અને હરિજન જ્ઞાતિઓનું જાતિ/ જ્ઞાતિવાર અને લિંગવાર, ૧૯૬૭-૬૮ અને ૧૯૭૧-૭૨નું પ્રમાણ, તપાસ હેઠળના વિધાર્થીઓએ ભૂતકાળમાં હાથ ધરેલા અને પૂરા ન કરેલા અભ્યાસક્રમો, વિધાર્થીઓની શૈક્ષણિક પશ્ચાદભૂમિકા, શિક્ષણમાં અપવ્યય, નાપાસ થનારનું પ્રમાણ, વિધાર્થીઓની કૌટુંબિક પશ્ચાદભૂમિકા, વાલીનો વ્યવસાય, મિલકત વહેંચણી, વિધાર્થીઓનું ગ્રામ્ય કે

શહેરી વિસ્તારમાંનું વતન, અભ્યાસનું સ્થળ; કેટલાંક લક્ષણો (૧૯૬૧નો વસ્તી, શિષ્યવૃત્તિ મેળવનારનું પ્રમાણ, એસ.એસ.સી.માં ગુણપ્રાપ્તી, શહેરી વિસ્તારમાં વસવાટ, પિતાનો વ્યવસાય, ૫ એકર કરતાં વધારે જમીન, ઘરની માલિકી, ૨૦૦૦/- કરતાં વધારે આવક વગેરે)ના સંદર્ભમાં કેટલીક પસંદ કરેલી આદિવાસી જાતિઓ અને હરિજન જ્ઞાતિઓનું તપાસ હેઠળના વર્ષમાં પ્રમાણ, જિલ્લાની કેટલીક સંદર્ભ લાક્ષણિકતાઓ(વસ્તી, સાક્ષરતા, રજીસ્ટર સંખ્યા, શૈક્ષણિક સગવડો વગેરે)ના સંદર્ભમાં તપાસ હેઠળના વિદ્યાર્થીઓ, વગેરે બાબતોનું સઘન વિશ્લેષણ કરવાનો પ્રશસ્ય પ્રયાસ થયો છે. ઉપરોક્ત સંશોધનોમાંથી બે સંશોધનોમાં (ડૉ. સિધ્ધરાજ સોલંકી અનારીખીય, શ્રી પી.બી.બૂચ ૧૯૭૦) શિષ્યવૃત્તિ કઇ રીતે મોડી મળે છે તેમજ શિષ્યવૃત્તિ સમાજ કલ્યાણ ખાતા તરફથી મોકલવામાં તેમજ કોલેજ દ્વારા તેની વહેંચણીમાં વિલંબ થાય છે તે હકીકતનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પણ શિષ્યવૃત્તિની વહેંચણીની સમગ્ર પ્રક્રિયામાં સંકળાયેલાં આનુષાંગિક એકમો દ્વારા વિવિધ તબક્કે ચોક્કસ કેટકેટલો સમય લેવામાં આવે છે અને તેમાં કેટકેટલા દિવસનો વિલંબ થાય છે તે અંગેનો તપાસાધારિત ચોક્કસ ખ્યાલ ઉપરનામાંથી કોઇ અભ્યાસમાં આપવામાં આવ્યો નથી. તેથી વર્તમાન અભ્યાસમાં, આ મુદ્દા પર તેના વ્યવહારુ ઉપયોગને લક્ષમાં રાખીને સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું ઉચિત લેખ્યું છે. મતલબ કે આ શિષ્યવૃત્તિ યોજનાના પરિણામે ગુજરાતમાં પછાતવર્ગને મળતા લાભોનો, આ યોજના સાથે સંબંધિત કેટલાક નિયમોમાં તાજેતરમાં થયેલા ફેરફારને ચકાસવાનો, તેમજ આ યોજનાને વધારે અસરકારક બનાવવા માટે આ યોજના સાથે સંકળાયેલાં ત્રણ મહત્વનાં અંગો- વિદ્યાર્થીઓ, સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓ, શિષ્યવૃત્તિનું સીધુ વિતરણ કરતી કોલેજો- તરફથી આવેલાં સૂચનોને આ તપાસમાં આવરવાનો ખ્યાલ છે.

સંશોધન પધ્ધતિ :

આ તપાસ માટે ગુજરાતમાં ૧૯૭૫-૭૬ના વર્ષમાં વિવિધ કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની યાદી, સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રીની કચેરીમાં મોકલવામાં આવેલા ફોર્મના આધારે ફેબ્રુઆરી ૧૯૭૬માં તૈયાર કરવામાં આવી હતી. સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીઓના પૂરેપૂરા સહકાર છતાં અને કેન્દ્રના ક્ષેત્રકાર્યકરોના શક્ય તે રીતે અરજીપત્રો મેળવવાના પૂરા પ્રયત્નો છતાં, જે તે વખતે નિકાલ થયો હોય તેવા ૬૩૫૩ વિદ્યાર્થીઓની જ માહિતી મેળવી શકાઇ હતી. આ વિદ્યાર્થીઓમાંથી નમૂના પધ્ધતિથી ૯૦૧ વિદ્યાર્થીઓને આ તપાસ માટે પરિશિષ્ટ ૧ માં જોડયા પ્રમાણેની પ્રશ્નાવલી મોકલવામાં આવી હતી. આ પ્રશ્નાવલીનો



નિયત સમયમાં ૩૯૧ વિદ્યાર્થીઓએ (૪૩.૪૦%) પ્રત્યુત્તર આપ્યો હતો. આ ઉપરાંત કેટલીક નિશ્ચિત બાબતો અંગે, વિવિધ કોલેજોમાંથી તેમજ આ યોજનાનો રાજય તરફથી અમલ કરનાર સંબંધિત સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓનાં મંતવ્યો મેળવવાં પણ આવશ્યક હોઇ, રાજયની ૩૦૦ કોલેજોના આચાર્યશ્રીઓને અને રાજયના દરેકદરેક જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીને પણ, તેને માટે તૈયાર કરવામાં આવેલ અલગ અલગ પ્રશ્નાવલીઓ મોકલવામાં આવી હતી. કુલ ચાર સ્મૃતિપત્રો પછી, નિયત સમયમાં ૯૯ કોલેજો (૩૩.૦૦%) અને ૧૪ સમાજ કલ્યાણ અધિકારીઓ (૫૮.૩૩%)ના પ્રત્યુત્તર આવ્યા હતા. તદુપરાંત આ યોજના સાથે સંલગ્ન સંશોધકોએ જાતમાહિતી મેળવવા માટે, તેમજ પ્રશ્નાવલી દ્વારા આવતી માહિતી સાથે સંકળાયેલી કેટલીક બાબતોની ચકાસણી વગેરે કરવાના આશયથી આ યોજના સાથે સંકળાયેલાં ત્રણ એકમો- વિદ્યાર્થીઓ, કોલેજો અને સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ-ત્રણેની રૂબરૂ મુલાકાત લઇને પણ કેટલીક વિગતો એકત્રિત કરી હતી. આમ આ સંશોધનમાં આવરવામાં આવેલી વિગતો અને સૂચનો, ઉત્તરદાતા વિદ્યાર્થીઓ, કોલેજોના આચાર્યશ્રીઓ, સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીઓ વગેરેએ પાઠવેલા પ્રત્યુત્તરો પર, સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રીની કચેરીમાંથી ફેબ્રુઆરી ૧૯૭૬ સુધીમાં મળેલી વિગતો પર અને કેન્દ્રના સંશોધકોને આદિવાસી વિદ્યાર્થીઓ, કોલેજોના આચાર્યશ્રીઓ, અને સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીઓની લીધેલી રૂબરૂ મુલાકાતથી પ્રાપ્ત થયેલી વિગતો અને છાપ પર આધારિત છે.

આ અહેવાલમાં જેમનાં, નામ અને સરનામાં, સમાજ કલ્યાણ ખાતાની કચેરીમાંથી મળી શકયાં હતાં તેવા ૬૩૫૩ આદિવાસી વિદ્યાર્થીઓનો તપાસ હેઠળના વિદ્યાર્થીઓ તરીકે, જેમને પ્રશ્નાવલી મોકલવામાં આવી હતી તેવા ૯૦૧ વિદ્યાર્થીઓનો સઘન તપાસ હેઠળના વિદ્યાર્થીઓ તરીકે, અને જેમણે પ્રશ્નાવલી ભરીને મોકલી હતી તેવા ૩૯૧ વિદ્યાર્થીઓનો ઉત્તરદાતા વિદ્યાર્થીઓ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. તેજ રીતે જેમને પ્રશ્નાવલી મોકલવામાં આવી હતી તેવી ૩૦૦ કોલેજોનો તપાસ હેઠળની કોલેજો અને ઉત્તર આપનાર ૯૯ કોલેજોનો ઉત્તરદાતા કોલેજો તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓમાંથી પણ જેમને પ્રશ્નાવલી મોકલવામાં આવી હતી તેમનો તપાસ હેઠળના અધિકારીઓ તરીકે અને પ્રત્યુત્તર આપનાર અધિકારીઓનો ઉત્તરદાતા અધિકારીઓ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. આ તપાસ ૧૯૭૫-૭૬ના વર્ષમાં કરવામાં આવી હતી તેથી તેનો તપાસના વર્ષ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં અન્યથા નિર્દેશ કરવામાં આવ્યો ન હોય તેવી બધી વિગતો ૧૯૭૫-૭૬ના વર્ષના સંદર્ભમાં સમજવાની છે.

## પ્રકરણ : ૨

## શિષ્યવૃત્તિ અને વિદ્યાર્થીઓ

ગુજરાત, આદિવાસીઓની નોંધપાત્ર વસ્તી ધરાવનારાં રાજ્યોમાંનું એક છે. ગુજરાતની કુલ વસ્તીના ૧૩.૯૯% આદિવાસીઓ છે. દેશની કુલ આદિવાસી વસ્તીના ૧૦% ગુજરાતમાં વસે છે. અનુસૂચિત જનજાતિઓની યાદીમાં લગભગ ૭૫ જેટલી આદિવાસી જાતિઓનો ઉલ્લેખ થયેલો છે જેને મહત્વની ૨૮ જેટલી આદિવાસી જાતિઓમાં મૂકી શકાય. આમાંથી દરેક જાતિઓની વસ્તી લાખ કરતાં પણ ઉપરની છે તો બીજી બાજુ સો, બસો, પાંચસોની આસપાસની કુલ વસ્તી ધરાવનારી પણ કેટલીક આદિવાસી જાતિઓ છે. આ આદિવાસી જાતિઓમાંથી તપાસના વર્ષમાં કેટકેટલા વિદ્યાર્થીઓ ભણતા હતા તેનો ખ્યાલ કોઠા નં. ૨.૧ પરથી આવશે.

કોઠા નં. ૨.૧ પરથી દર્શાવાતાં વલણ નીચે પ્રમાણે છે :

અહીં ગુજરાત રાજ્યની અનુસૂચિત જનજાતિની, યાદીમાંની દરેક જાતિને જો એકમ ગણીએ તો કુલ ૭૫ જેટલી આદિવાસી જાતિઓમાંની યાદીમાંથી માત્ર ૩૦ જેટલી જ જાતિઓમાંથી જ ૧૯૭૪-૭૫માં આદિવાસી વિદ્યાર્થીઓ ભણતા હતા. મતલબ કે અર્ધ ઉપરાંત આદિવાસી જાતિઓ-માંથી તપાસના વર્ષમાં કોઇ વિદ્યાર્થી ભણતો નહોતો.

તપાસ હેઠળના વિદ્યાર્થીઓની વિદ્યાશાખાવાર સંખ્યા જોઇએ તો વધુમાં વધુ વિદ્યાર્થીઓ તપાસના વર્ષમાં વિનયન શાખામાં હતા. તે પછીના ક્રમમાં વાણિજય આવતું હતું. કેન્દ્રની એકાદ દાયકા પહેલાંની મોજણી કરતાં વાણિજય વિદ્યાશાખામાં જનારનું પ્રમાણ નોંધપાત્ર હતું. તે પછી વિજ્ઞાન, ખેતીવાડી, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાઓની સંખ્યા આવતી હતી. એમ.બી.બી.એસ., આયુર્વેદ, સ્નાતક, હોમિયોપેથી વગેરે તબીબી અભ્યાસક્રમો, ઇજનેરીના ડિગ્રી અને ડિપ્લોમાના અભ્યાસક્રમોમાં, વ્યાયામ અને અન્ય પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં પણ થોડી સંખ્યા હતી. આ સંખ્યા મોટે ભાગે દસ વર્ષ પહેલાંની મોજણી કરતાં સવિશેષ હતી.

તપાસના વર્ષથી એક દાયકા પહેલાં અધ્યાપન મંદિરોમાં તાલીમ લેતા તાલીમાર્થીઓને આ શિષ્યવૃત્તિ નહોતી મળતી, પણ અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓ માટે એસ.એસ.સી. અનિવાર્ય બનતાં, એસ.એસ.સી. પછી અપાતી આ શિષ્યવૃત્તિનો લાભ નોંધપાત્ર પ્રમાણમાં પ્રાથમિક શાળાના શિક્ષક માટેના અધ્યાપન મંદિરોમાં તાલીમ લેતા તાલીમાર્થીઓને મળ્યો છે. અને તે રીતે



વિનયન વિદ્યાશાખા પછી બીજા જ ક્રમમાં આવે એવી બહોળી સંખ્યામાં, અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓના તાલીમાર્થીઓ આ શિષ્યવૃત્તિનો લાભ લે છે. માત્ર વિનયન, વાણિજયને બાદ કરતાં, બાકીના બધા જ પદવી અભ્યાસક્રમોની કુલ સંખ્યા કરતાં પણ પ્રાથમિક અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓની સંખ્યા વધુ છે. તે જ રીતે બાકીના બધા જ પ્રમાણપત્ર અભ્યાસક્રમો કરતાં તે લગભગ સાડા પાંચ ગણી છે. મતલબ કે શિષ્યવૃત્તિ લેનાર કુલ સંખ્યાનો વધારો કરવામાં પ્રાથમિક અધ્યાપનમંદિરોમાં તાલીમ લેતા શિક્ષક તાલીમાર્થીઓની સંખ્યા ઠીક ઠીક ભાગ ભજવે છે. વિવિધ વિદ્યાશાખાવાર, જાતિવાર પ્રમાણ જોઇએ તો કોલચા, કુણબી, કાતકરી જેવી માત્ર એક એક જ સંખ્યા ધરાવનારી કેટલીક જાતિઓમાં માત્ર વિનયન વિદ્યાશાખામાંના જ વિદ્યાર્થીઓ હતા. કેટલીક જાતિઓમાં લગભગ ૩/૪ ભાગના વિદ્યાર્થીઓ માત્ર વિનયનમાં જ હતા. આવી જાતિઓમાં રાઠવા, ડુંગરી ગરાસિયા, તડવી, ધાનકા, બાવચા અને ભીલનો સમાવેશ થતો હતો. આ જાતિઓ ઉપરાંત વિનયન વિદ્યાશાખામાં લગભગ અર્ધી યા તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવનાર આદિવાસી જાતિઓમાં વસાવા, દૂબળા, કોંકણા, પટેલીઆ, નાયકા, હળપતિ, ડુંગરી ભીલનો સમાવેશ થતો હતો. બાકીની જાતિઓમાં આ પ્રમાણ અર્ધું યા તેથી ઓછું હતું. વિનયન પછી બીજા ક્રમમાં વાણિજય વિદ્યાશાખા આવતી હતી. સીદી જાતિના વધુમાં વધુ ૬ વિદ્યાર્થીઓ વાણિજય વિદ્યાશાખામાં હતા. ધોડિયા, કોંકણા, ગામીત, ચૌધરી, દૂબળા, વસાવા, ભીલ, ધાનકા, પટેલીઆ, નાયકા, વારલી, હળપતિ, રબારી, તલાવિયા, બાવચામાં કુલ સંખ્યામાં વાણિજય વિદ્યાશાખામાં જનારનું પ્રમાણ ૧૨ થી ૨૫ની આસપાસ હતું. વિનયન વિદ્યાશાખામાં વધાર વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવનાર રાઠવા, ડુંગરી ગરાસિયા જાતિમાં વાણિજય વિદ્યાશાખામાં જનારનું પ્રમાણ ૫ થી ૧૦%ની વચ્ચેનું હતું.

જે આદિવાસી જાતિઓમાંથી તપાસ હેઠળના વર્ષમાં વિદ્યાર્થીઓ જોવા મળતા હતા તેમાંથી પણ છએક જાતિઓમાં તો તપાસ હેઠળના વર્ષમાં એક એક વિદ્યાર્થીનો સમાવેશ થતો હતો. તપાસ હેઠળની કુલ વિદ્યાર્થીની સંખ્યાના ૧% કરતાં ઓછી સંખ્યા હોય એવી જાતિઓની સંખ્યા ૧૮ જેટલી થતી હતી. તપાસ હેઠળની કુલ સંખ્યામાંથી લગભગ ૩/૪ ભાગના વિદ્યાર્થીઓ તો ઢોડિયા, ભીલ, ડુંગરી ગરાસિયા, ચૌધરી, પટેલીઆ અને ગામીત આ છ જ જાતિઓમાંથી હતા. લગભગ આની સાથે સામ્યતા ધરાવતાં તારણો આ અંગેની અગાઉની કેટલીક મોજણીઓમાંથી પણ મળે છે. (દા.ત. ડૉ. સિધ્ધરાજ સોલંકી અનારોખીય, બૂચ ૧૯૭૦, ડૉ. વિમલ શાહ, ડૉ. તારા પટેલ ૧૯૭૭)

કોઠા નં. ૨.૧

તપાસ હેઠળના વિદ્યાર્થીઓની વિદ્યાશાખાવાર અને જાતિવાર સંખ્યા દર્શાવતો કોઠો

| જાતિ | વિનયન | પ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર | વિજ્ઞાન | વાણિજ્ય | ઇજનેરી ડિગ્રી | ઇજનેરી ડિપ્લોમા | કાનૂન | પોલીટેકનીક | આયુર્વેદ | ખેતીવાડી | તબીબી | વ્યાયામ | શિક્ષણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ધોડિયા | ૭૮૦ | ૩૭૨ | ૧૫૮ | ૨૮૩ | ૫ | ૧૪ | ૨૬ | ૨૯ | ૧૪ | ૪૭ | ૩૪ | ૬ | ૩૪ |
| કોંકણા | ૧૦૭ | ૧૨ | ૮ | ૩૨ | ૨ | ૧ | ૩ | ૫ | ૧ | ૪ | ૫ | - | ૧ |
| ગામીત | ૭૭ | ૪૫ | ૧૮ | ૩૨ | ૪ | ૨ | [illegible] | ૪ | ૪ | ૬ | ૧ | - | ૨ |
| ચૌધરી | ૩૪૯ | ૧૭૩ | ૪૩ | ૧૨૨ | ૭ | ૩ | ૨ | ૧૦ | ૯ | ૯ | ૧ | ૧ | ૧૪ |
| દૂબળા | ૩૫ | ૫ | ૬ | ૧૦ | - | - | ૨ | ૧ | - | - | - | - | - |
| વસાવા | ૫૭ | ૬ | ૨ | ૧૮ | - | ૨ | ૧ | - | ૧ | - | - | ૧ | - |
| ભીલ | ૧૧૬૧ | ૧૦૦ | ૨૫ | ૨૦૬ | ૨ | ૬ | ૧૬ | ૧૮ | ૧૧ | ૧૮ | ૨૫ | ૮ | ૩૦ |
| ધાનકા | ૨૭ | ૧ | ૭ | - | - | - | ૧ | - | - | - | - | - | - |
| પટેલીઆ | ૧૫૭ | ૩૩ | ૨ | ૩૨ | ૧ | ૨ | ૧ | ૧૬ | - | ૬ | ૪ | ૨ | ૬ |
| નાયકા | ૩૭ | ૪ | ૨ | ૧૫ | - | ૧ | ૧ | - | - | - | ૨ | - | ૧ |
| વારલી | ૧ | ૩ | ૩ | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| હળપતિ | ૪૭ | ૧૩ | ૭ | ૧૫ | ૨ | - | ૨ | ૨ | ૧ | ૧ | - | - | ૪ |
| બરોડીઆ | ૧ | - | - | ૨ | - | - | - | - | - | - | ૧ | - | - |
| ડું. ગરાસિયા | ૬૫૬ | ૫૬ | ૩૨ | ૫૬ | - | ૩ | ૮૮ | ૧ | ૫ | ૨૮ | ૧૧ | ૩ | ૭ |
| રાઠવા | ૯૫ | ૧૦ | ૨ | ૫ | - | ૨ | ૧ | - | - | ૧૦ | - | - | - |
| કોલચા | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |



અગાઉની મોજણીઓની જેમ અહીં પણ તબીબી, ઇજનેરી જેવી વિદ્યાશાખાઓમાં જનારનું પ્રમાણ બહુ જ જૂજ છે. જે તે જાતિમાં છ કે તેથી નીચેની સંખ્યા ધરાવનાર રબારી, ચારણ અને બરોડિયા જાતિના અપવાદો બાદ કરતાં બાકીની કોઇ પણ જાતિમાં તેની સંખ્યા ચારેક ટકા કરતાં વિશેષ નહોતી. તપાસ હેઠળના વર્ષમાં કોલેજમાં વિદ્યાર્થીઓ ભણતા હતા તેમાંથી પણ સત્તરેક જેટલી જાતિઓમાંથી એક પણ વિદ્યાર્થી આયુર્વેદ, હોમિયોપથી, કે એલોપથીકની તબીબી વિદ્યાશાખાઓમાં યા ઇજનેરીના ઉપાધિ, પ્રમાણપત્ર કે ડિપ્લોમાના કોઇ અભ્યાસક્રમમાં નહોતા. આમ લગભગ પૂરું ખર્ચ આવરી લેવાના આશયથી શિષ્યવૃત્તિ અપાતી હોવા છતાં સંખ્યાબંધ જાતિના વિદ્યાર્થીઓ હજી તબીબી યા ઇજનેરી વિદ્યાશાખાઓનાં પગથિયાં ચઢી શકયા નથી. તે જ રીતે જે જાતિઓમાંથી વિદ્યાર્થીઓ આ વિદ્યાશાખાઓમાં જાય છે તેમની સંખ્યા પણ ખૂબ જ જૂજ છે.

જિલ્લાવાર, વિદ્યાશાખાવાર તપાસ હેઠળના વિદ્યાર્થીઓ :

કોઠા નં. ૨.૨ માં દર્શાવ્યા પ્રમાણે વિવિધ જિલ્લાવાર તપાસ હેઠળના વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ જો જોઇએ તો સૌથી વધારે વિદ્યાર્થીઓ વલસાડ જિલ્લામાંથી ભણતા હતા. તે પછી સુરત, ભરૂચ, પંચમહાલ, સાબરકાંઠા વગેરે આદિવાસી વસ્તી ધરાવનારા જિલ્લાઓમાં પણ કોલેજ શિક્ષણ લેનારનું પ્રમાણ ઠીક ઠીક પ્રમાણમાં વધ્યું છે. કેન્દ્ર દ્વારા થયેલી અગાઉની તપાસ (ડૉ. સિધ્ધરાજ સોલંકી અતારીખીય) કરતાં આ તપાસમાં વિવિધ જિલ્લાવાર કોલેજ શિક્ષણ લેનારનું પ્રમાણ વગેરે બદલાયેલું લાગે છે. કેન્દ્રની આ અગાઉની તપાસથી આ તપાસના ગાળા દરમ્યાન આદિવાસી વસ્તી ધરાવનારા જિલ્લાઓમાં ખોલેલી સંખ્યાબંધ કોલેજો, સુરત વગેરે મુકામે ખોલાયેલાં નવાં છાત્રાલયો, કેટલીક કોલેજો તરફથી કોલેજ છાત્રાલયમાં અને કેટલાંક અપવાદરૂપ અન્ય છાત્રાલયોમાં શિષ્યવૃત્તિ મળે ત્યારે ભોજન બીલ લેવાની અપાયેલી સગવડ, તેમજ કેટલાક વિદ્યાર્થીઓને ઘરેથી આવ જા કરતા જઇને ભણવાની મળેલી સગવડ વગેરેને લીધે, આદિવાસી વસ્તી ધરાવનારા જિલ્લાઓમાં પણ આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં વધી છે.

કોઠા નં. ૨.૨

હેઠળના વિદ્યાર્થીઓની વિદ્યાશાખાવાર, જિલ્લાવાર સંખ્યા દર્શાવતો કોઠો

| જિલ્લો | આર્ટસ | પી.ટી.સી. | વિજ્ઞાન | વાણિજ્ય | એન્જી. | ડ્રોઈંગ | એલ એલ.બી. | પોલીટેકનિક | આયુર્વેદિક | ખેતીવાડી | મેડિકલ | વ્યાયામ | બી.એડ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible]ડ | ૭૩૭ | ૧૯૮ | ૧૨૮ | ૨૭૭ | - | ૧૬ | ૨૭ | ૨૫ | - | ૪૮ | - | - | ૧૪ | ૧૪૪૦ |
| [illegible]ાલ | ૭૦૧ | ૧૨૮ | ૯ | ૯૫ | - | - | ૫ | ૨૫ | - | - | - | - | ૩ | ૯૯૬ |
| [illegible] | ૪૯૯ | ૬૭ | ૧૫ | ૧૨૯ | - | - | ૨ | ૭ | ૬ | - | - | ૧૪ | ૮ | ૭૪૭ |
| [illegible]ગા [illegible]ટ | ૩૬ | ૩૪ | ૧ | ૧૦ | ૧ | - | ૧ | ૨૦ | - | ૪૯ | ૨ | - | - | ૧૫૪ |
| [illegible] | ૨૫૧ | ૫ | ૮ | ૨૧ | ૨ | ૪ | - | ૨ | ૧ | ૧૭ | - | - | ૩૬ | ૩૪૭ |
| [illegible]કાંઠા | ૩૭૨ | ૪૨ | ૨૨ | ૨૯ | - | - | ૨ | - | - | - | - | ૧ | ૪ | ૪૭૨ |
| [illegible]રા | ૧૬૫ | ૪૪ | ૩૮ | ૫૩ | ૪ | ૪ | ૧ | ૩ | ૧૨ | ૨૫ | ૨૪ | ૩ | ૨ | ૩૭૦ |
| [illegible] | ૫૦૪ | [illegible]૮ | ૮૯ | ૧૭૯ | ૧૬ | - | ૬ | ૪ | ૨૦ | - | ૩૨ | - | ૨ | ૧૧૯૮ |
| [illegible]વાદ | ૪૪૬ | ૧૨ | ૧૫ | ૬૭ | ૨ | ૧૨ | ૧૯ | ૩ | ૯ | - | ૩૯ | ૩ | ૩૨ | ૬૫૯ |
| [illegible] | ૩૭૧૧ | ૮૪૮ | ૩૧૫ | ૮૯૦ | ૨૫ | ૩૬ | ૬૩ | ૮૯ | ૪૮ | ૧૩૯ | ૯૭ | ૨૧ | ૧૦૧ | ૬૩૫૩ |



ઉત્તરદાતા વિદ્યાર્થીઓના અમે બે ભાગ પાડયા હતા, નવા અને જૂના. નવા વિદ્યાર્થીઓ એટલે એવા વિદ્યાર્થીઓ કે જેઓ એસ.એસ.સી. પછી પહેલીવાર નવા અભ્યાસક્રમમાં દાખલ થતા હોવાને લીધે જ તે વિદ્યાશાખામાં જે તે કક્ષાના અથવા આગળની કક્ષાના વર્ષમાં દાખલ થયા હોય અથવા અન્ય કોઇ કારણસર જેમણે શિષ્યવૃત્તિનું અરજીપત્રક નવેસરથી ભરવું પડયું હોય. જૂના વિદ્યાર્થીઓ એટલે એવા વિદ્યાર્થીઓ કે જેમણે એસ.એસ.સી. પછીની આ શિષ્યવૃત્તિનું ફોર્મ નવેસરથી ભરવાનું ન હોય, પણ આગલે વર્ષે અથવા આગલાં વર્ષોમાં ભર્યું હોય તેના આધારે અમુક જ મર્યાદિત વિગતો ધરાવતું અરજીપત્રક જેમણે ભરવાનું હોય.

દૈવ નમૂના પધ્ધતિથી પસંદ કરેલા ૯૦૧ વિદ્યાર્થીઓમાંથી ૩૯૧ (૪૩.૪%) વિદ્યાર્થીઓએ સમયસર પ્રત્યુત્તર પાઠવ્યો હતો. ઉત્તરદાતા વિદ્યાર્થીઓમાંથી ૧૯૭ (૫૦.૩૮%) નવા વિદ્યાર્થીઓ હતા. જયારે ૧૯૪ (૪૯.૬૨%) જૂના. તેમની વિદ્યાશાખાવાર વહેંચણી કોઠા નં. ૨.૩માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૨.૩

ઉત્તરદાતા વિદ્યાર્થીઓની વિદ્યાશાખાવાર વહેંચણી દર્શાવતો કોઠો

| વિદ્યાર્થી | વિનયન | વાણિજ્ય | વિજ્ઞાન | કાનૂન | શિક્ષણ | ખેતીવાડી | આયુર્વેદિક | એમ.બી.બી.એસ. | એન્જી. ડીગ્રી | એન્જી. ડિપ્લોમા | ડ્રોઈંગ | વ્યાયામ | પ્રા. અધ્યાપન મંદિર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નવા | ૭૭ | ૨૧ | ૧૧ | ૪ | ૧૯ | ૧ | - | ૧ | ૬ | ૩ | ૨ | ૫ | ૪૭ | ૧૯૭ |
| જૂના | ૮૬ | ૨૩ | ૧૫ | ૧ | - | ૩ | ૫ | ૩ | ૫ | ૪ | ૫ | ૩ | ૪૧ | ૧૯૪ |
| કુલ | ૧૬૩ | ૪૪ | ૨૬ | ૫ | ૧૯ | ૪ | ૫ | ૪ | ૧૧ | ૭ | ૭ | ૮ | ૮૮ | ૩૯૧ |
| ટકા | ૪૧.૭ | ૧૧.૩ | ૬.૭ | ૧.૨ | ૪.૯ | ૧.૦ | ૧.૨ | ૧.૦ | ૨.૮ | ૧.૮ | ૧.૮ | ૨.૦ | ૨૨.૬ | ૧૦૦.૦ |

કોઠા નં. ૨.૩ પરથી જણાય છે કે ઉત્તરદાતા વિદ્યાર્થીઓમાં લગભગ બધી જ વિદ્યાશાખાઓમાં-ના અને એક માત્ર આયુર્વેદિક કોલેજના અપવાદને બાદ કરતાં નવા અને જૂના એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

શિષ્યવૃત્તિની જાણકારી :

નવા વિદ્યાર્થીઓને ભારત સરકારની પછાતવર્ગના વિદ્યાર્થીઓને મળતી આ શિષ્યવૃત્તિની જાણકારી ક્યારે અને કોની પાસેથી મળી તેનો ખ્યાલ મેળવવા માટે પ્રશ્ન પૂછેલ. તેના પ્રત્યુત્તરમાં ૧૪૮ (૭૫.૧૩%) વિદ્યાર્થીઓએ કોલેજમાં આવ્યા પછી શિષ્યવૃત્તિની જાણકારી મળ્યાનું અને માત્ર ૧૨ વિદ્યાર્થીઓએ (૬.૦૯%) તેમના શાળાના કામ દરમ્યાન શિષ્યવૃત્તિ અંગેની જાણકારી મળ્યાનું જણાવેલું. ૨.૦૩ ટકા એ ઉનાળા વેકેશન દરમ્યાન આ જાણકારી મળ્યાનું જણાવેલું. ૭૩ વિદ્યાર્થીઓ (૧૬.૭૫%)એ પ્રશ્નનો કોઇ ઉત્તર નહોતો આપ્યો. આનો અર્થ એ થયો કે શાળામાં ભણતા ઘણા ખરા પછાતવર્ગના વિદ્યાર્થીઓ તેમના કોલેજકાળના લગભગ સો ટકા ખર્ચને પહોંચી વળતી એવી શિષ્યવૃત્તિની મહામૂલી સગવડ મળે છે તેનાથી ઘણીવાર અજાણ હોય છે. આવી જાણકારીના અભાવે કોલેજમાં અભ્યાસ કરવાનું માંડી વાળ્યું હોય એવા પણ કેટલાક કિસ્સાઓ હોવાનો સંભવ છે. શાળા દરમ્યાન બહોળી આર્થિક સહાયવાળી સવલત મળતી હોવાની પૂરતી જાણકારીસભર માર્ગદર્શન મળે તો પછાતવર્ગના વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારવામાં તે પણ કેટલેક અંશે મદદરૂપ બને એવી શકયતા પણ ખરી.

નવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની જાણકારી કોની પાસેથી મળી હતી તેવા પ્રશ્નનો તેમણે આપેલો જવાબ કોઠા નં.૨.૪ માં દર્શાવવામાં આવ્યો છે.

કોઠા નં.૨.૪ પરથી ખ્યાલ આવે છે કે મોટા ભાગના નવા આદિવાસી વિદ્યાર્થીઓને કોલેજ કાર્યાલયમાંથી શિષ્યવૃત્તિ સાથે સંબંધિત બાબતનો અંગે અધિકૃત માહિતી મળતી હોય છે. જો આમ બનતું હોય તો શિષ્યવૃત્તિના અરજીપત્રકના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ કેટલીક આવશ્યક પૂર્વ તૈયારી પહેલેથી કરવાની હોય તે કોલેજમાં સત્ર શરૂ થયા પછી વિદ્યાર્થી આવે ત્યારે કરે તેને લીધે પણ શિષ્યવૃત્તિનું અરજીપત્રક વગેરે મોકલવામાં થોડો વિલંબ થાય અને તેની અસર સરવાળે તેના પ્રથમ હપ્તાની ચૂકવણી પર પડે એમ પણ બનવાનો પૂરો સંભવ છે.



કોઠા નં. ૨.૪

નવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની જાણકારી કોની પાસેથી મળી તે દર્શાવતો કોઠો

| ક્રમ | જાણકારી કોની પાસેથી મળી | જાણકારી મેળવનાર વિદ્યાર્થી સંખ્યા | નવા વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ટકા |
|---|---|---|---|
| ૧. | કોલેજ કાર્યાલય | ૧૧૯ | ૬૦.૪૧ |
| ૨. | કોલેજના વિદ્યાર્થીઓ | ૧૮ | ૯.૧૪ |
| ૩. | સમાજ કલ્યાણ અધિકારી | ૭ | ૩.૫૫ |
| ૪. | શાળાના વિદ્યાર્થી | ૫ | ૨.૫૪ |
| ૫. | મિત્રો સંબંધી | ૪ | ૨.૦૩ |
| ૬. | શાળાના શિક્ષકો | ૩ | ૧.૫૨ |
| ૭. | આગેવાનો | ૨ | ૧.૦૧ |
| ૮. | અન્ય રીતે | ૧ | ૦.૫૧ |
| ૯. | જવાબ નથી | ૩૮ | ૧૯.૨૯ |

હવે જે જૂના વિદ્યાર્થીઓ હોય, તે વિદ્યાર્થીઓ અંગેની કેટલીક મહત્વની વિગતો (દા.ત. પછાત વર્ગના કયા ચોક્કસ વર્ગમાંથી આવે છે તે તથા તે જાતિના પાયા પર શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર છે કે કેમ તે અંગેની વિગતો) સામાન્ય રીતે ઉપલબ્ધ હોવાથી તેમને શિષ્યવૃત્તિ પેટે અમુક રકમ વહેલી ફાળવવાનું શકય બને છે અને તે રીતે તેમને શિષ્યવૃત્તિ પેટે ઉચ્ચક રકમ વર્ષની શરૂઆતમાં મળે એવી એક પ્રશસ્ય સવલત સમાજ કલ્યાણ ખાતા તરફથી આપવામાં આવી છે. જયારે નવા વિદ્યાર્થીઓ સામાન્ય રીતે નવી અરજી કરતા હોવાથી, તેઓ જાતિ/જ્ઞાતિના પાયા પર શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર છે કે કેમ તે અંગેની વિગતોની પૂરી ચકાસણી કરતાં સ્વાભાવિક રીતે જ થોડો વિશેષ સમય લાગે. એટલે તે રીતે તેમને જાતિ વગેરે અંગેની વિગતોની પ્રાથમિક અને અનિવાર્ય ચકાસણી કર્યા પછી જ સામાન્ય રીતે શિષ્યવૃત્તિની રકમનો પહેલો હપ્તો ચૂકવાય છે. એટલે તે રીતે અમે નવા વિદ્યાર્થીઓને પહેલા હપ્તાના સંદર્ભમાં અને જૂના વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમના સંદર્ભમાં તે મળ્યાનો સમય અને રકમ અંગેના પ્રશ્નો પૂછયા હતા. (જૂઓ પ્રશ્નાવલી નં.૧)આ પ્રશ્નોના પ્રત્યુત્તરને આધારે તૈયાર થયેલી વિગતો કોઠા નં.૨.૫માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૨.૫

વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ પહેલો હપ્તો કયાર મળ્યો તે દર્શાવતો કોઠો

| | ખબર નથી | જૂન | જૂલાઇ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | ઑકટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફ્રેબુઆરી | માર્ચ | એપ્રિલ | નથી મળ્યો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નવા વિદ્યાર્થીઓ | ૪૦ | - | ૯ | ૨૬ | ૫૧ | ૩૩ | ૧૭ | ૧૨ | ૫ | ૨ | ૨ | - | - | ૧૯૭ |
| નવા વિદ્યાર્થીઓની સંખ્યાના કુલ ટકા | ૨૦.૩૦ | - | ૪.૫૭ | ૧૩.૧૯ | ૨૫.૮૯ | ૧૬.૭૫ | ૮.૬૩ | ૬.૦૯ | ૨.૫૪ | ૧.૦૨ | ૧.૨ | - | - | ૧૦૦. |
| જૂના વિદ્યાર્થીઓ | ૧૩ | ૩ | ૮ | ૧૮ | ૫૭ | ૩૨ | ૧૪ | ૪ | ૭ | ૬ | ૨ | ૧ | ૨૯ | ૧૯૪ |
| જૂના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ટકા | ૬.૭૦ | ૧.૫૫ | ૪.૧૨ | ૯.૨૮ | ૨૯.૩૮ | ૧૬.૪૯ | ૭.૨૨ | ૨.૦૬ | ૩.૬૧ | ૩.૦૯ | ૧.૦૩ | ૦.૫૨ | ૧૪.૯૫ | ૧૦૦. |
| કુલ | ૫૩ | ૩ | ૧૭ | ૪૪ | ૧૦૮ | ૬૫ | ૩૧ | ૧૬ | ૧૨ | ૮ | ૪ | ૧ | ૨૯ | ૩૯૧ |
| કુલ સંખ્યાના ટકા | ૧૩.૫૫ | ૦.૭૭ | ૪.૩૫ | ૧૧.૨૫ | ૨૭.૬૨ | ૧૬.૩૨ | ૭.૯૩ | ૪.૦૯ | ૩.૦૭ | ૨.૦૪ | ૧.૦૨ | ૦.૨૫ | ૭.૪૨ | ૧૦૦. |



કોઠા નં. ૨.૫ પરથી જણાય છે કે જૂના અને નવા એમ બંને પ્રકારના કુલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓમાંથી માત્ર ૩ જ જૂના વિદ્યાર્થીઓને સત્રની શરૂઆતમાં ઉચ્ચક રકમ મળી હતી. પ્રથમ સત્રના પૂર્વાર્ધના અંત સુધીમાં (એટલે કે છેક ઑગસ્ટના અંત સુધીમાં) માત્ર ૧૮% નવા વિદ્યાર્થીઓને અને ૩૪% જૂના વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ મળી શકી હતી. મતલબ કે અનુક્રમે ૮૨% નવા અને ૬૬% જૂના વિદ્યાર્થીઓને સત્રના પૂર્વાર્ધમાં શિષ્યવૃત્તિ વિના ચલાવવું પડયું હતું. જો કે વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ સપ્ટેમ્બર, ઑકટોબરના ગાળા દરમ્યાન ચૂકવાઇ હતી પણ ઉચ્ચક રકમ વહેંચવાની આ પ્રક્રિયા કેટલાક કિસ્સાઓમાં છેક એપ્રિલ મહિના સુધી પણ ચાલી હતી. છેક બીજા સત્રમાં ઉચ્ચક રકમ ચૂકવાઇ હોય તેવી સંખ્યા નવા ઉત્તરદાતાના વિદ્યાર્થીઓમાં લગભગ પાંચમા ભાગની હતી. જયારે જૂનામાં પણ દસમા ભાગના વિદ્યાર્થીઓને છેક બીજા સત્રમાં ઉચ્ચક રકમ મળી હતી. મતલબ કે પહેલું આખું સત્ર અને બીજા સત્રનો કેટલોક ભાગ આ વિદ્યાર્થીઓને કોઇ પણ પ્રકારની શિષ્યવૃત્તિની સહાય મેળવ્યા વિના પસાર કરવો પડયો હતો.

ઉત્તરદાતા કોલેજોના જવાબોની તારવણી પણ કેટલેક અંશે ઉપરોકત વિગતોને સમર્થન આપે છે. કોલેજોને સમાજ કલ્યાણ ખાતા તરફથી સૌથી પહેલી રકમ કયારે મળી એ અંગે વિવિધ કોલેજો પાસેથી મળેલી વિગતો કોઠા નં.૨.૬માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૨.૬

કોલેજોને સૌથી પહેલી રકમ કયારે મળી તે દર્શાવતો કોઠો

| સૌથી પહેલી રકમ મળવાનો માસ | સંખ્યા | કુલ સંખ્યાના ટકા |
|---|---|---|
| જુલાઇ-ઑગસ્ટ | ૯ | ૯.૦૯ |
| સપ્ટેમ્બર | ૩૭ | ૩૭.૩૭ |
| ઑકટોબર | ૧૪ | ૧૪.૧૪ |
| નવેમ્બરથી ફ્રેબ્રુઆરી | ૧૮ | ૧૮.૧૮ |
| જવાબ નથી | ૨૧ | ૨૧.૨૧ |
| કુલ | ૯૯ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૨.૬ પરથી જણાય છે કે જૂનમાં ઉત્તરદાતાના કૉલેજોમાંથી કોઇપણ કૉલેજને વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ પેટે આપવા માટે સમાજ કલ્યાણ ખાતા તરફથી કોઇ રકમ નહોતી મળી. પ્રથમ સત્રના પૂર્વાર્ધના અંત સુધીમાં પણ માત્ર દસમા ભાગની કૉલેજોને જ શિષ્યવૃત્તિ પેટે રકમ મળી હતી. પહેલા સત્રના અંત સુધીમાં ઉત્તરદાતા કૉલેજોમાંથી ૬૦% કૉલેજોને જ રકમ મળી હતી. એનો અર્થ એ થયો કે એવી સંખ્યાબંધ કૉલેજો હતી કે જેમને પહેલા સત્રના અંત સુધીમાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને આપવા માટે શિષ્યવૃત્તિ પેટે કોઇ રકમ નહોતી મળી. સ્વાભાવિક રીતે જ આવી કૉલેજો, પછાતવર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે કોઇ રકમ ન ચૂકવી શકે. કોઠા નં. ૨.૫ અને ૨.૬ની વિગતોની સરખામણી કરતાં બીજી એક બાબત એ પણ તરી આવે છે કે જે કૉલેજોને ઉચ્ચક રકમ ચૂકવાયેલી તેવી કૉલેજોની સંખ્યા વધુમાં વધુ સપ્ટેમ્બર-ઑક્ટોબરના ગાળામાં છે. આ ગાળામાં જ વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ મળેલ છે તે કૉલેજોનો ઉત્તરદાતા કૉલેજોમાં સમાવેશ થતો નથી. પણ તેના પરથી એક તારણ એવું જરૂર નીકળી શકે કે અપવાદરૂપ કિસ્સામાં ઉચ્ચક રકમ આપવાની શરૂઆત જૂન માસમાં જ થઇ જાય છે. યોગ્ય તંત્ર ગોઠવણી કરીને આવી વ્યવસ્થા મોટા ભાગની કૉલેજોની બાબતમાં પણ ગોઠવી શકાય તો પછાતવર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ જૂનમાં જ મળી શકે અને જો એમ બને તો આ શિષ્યવૃત્તિનો સાચો હેતુ મહદંશે સરે.

ઉચ્ચક રકમ પહેલા હપ્તા પેટે કેટકેટલી મળી તેનો ખ્યાલ કોઠા નં. ૨.૭ પરથી આવે છે.

કોઠા નં. ૨.૭

ઉચ્ચક રકમ પહેલા હપ્તા પેટ કેટકેટલી મળી તે દર્શાવતો કોઠો

| રકમ | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૨૦૦ | ૨૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૪૦૦ | ૪૦૧થી ૫૦૦ | ૫૦૧થી વધુ | નથી મળી | ખબર નથી |
|---|---|---|---|---|---|---|---|---|
| જૂના વિદ્યાર્થી સંખ્યા | ૪૩ | ૩૩ | ૧૮ | ૧૭ | ૩૬ | ૧૬ | ૨૯ | ૨ |
| ટકા | ૨૨.૧૬ | ૧૭.૦૧ | ૯.૨૮ | ૮.૭૬ | ૧૮.૫૬ | ૭૮.૨૫ | ૧૪.૯૫ | ૧.૦૩ |
| નવા વિદ્યાર્થી સંખ્યા | ૬૨ | ૨૨ | ૩૦ | ૨૭ | ૧૧ | ૧૪ | ૨૧ | ૧૦ |
| ટકા | ૩૧.૪૭ | ૧૧.૧૭ | ૧૫.૨૩ | ૧૩.૭૧ | ૫.૫૮ | ૭.૧૧ | ૧૦.૬૬ | ૫.૦૪ |



ઉચ્ચક રકમ પેટે કેટલી રકમ મળી તેમજ તે રકમ, જે વખતે ઉચ્ચક રકમ મળી ત્યાં સુધીના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી હતી કે કેમ તે જાણવા માટે દરેક માસવાર કેટકેટલા વિદ્યાર્થીઓને કેટકેટલી ઉચ્ચક રકમ મળી તે રીતે વર્ગીકરણ કરવાનું રહે, પણ કેટલાક રકમનો નિર્દેશ કરનાર વિદ્યાર્થીઓને આ રકમ ક્યારે મળી તેનો ખ્યાલ નહોતો. તેમજ સમયનો નિર્દેશ કરનાર રકમનો નિર્દેશ ન કર્યો હોય એવા સંખ્યાબંધ કિસ્સાઓ હોવાથી અમારે આ પ્રયત્ન પડતો મૂકવો પડયો હતો. છતાં કોઠા નં. ૨.૬ અને ૨.૭ પરથી એક તારવણી તો એવી જરૂર થઇ શકે એમ જણાય છે કે માસિક રૂ.૧૩૫/-ની આસપાસનો ભોજનખર્ચ સહિતનો સરેરાશ ખર્ચ ગણીએ, અને વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીએ, કપડાં, પુસ્તકો, સાધનો અને અન્ય કેટલીક આવશ્યક ચીજવસ્તુઓની પાછળ કરવા પડતા ખર્ચને લક્ષમાં લઇએ, અને કોઠા નં.૨.૬માં માસવાર ઉચ્ચક રકમ મેળવનારની સંખ્યાને લક્ષમાં લઇએ તો, મોટા ભાગના વિદ્યાર્થીઓને ઉચ્ચક રકમ જે માસમાં મળી ત્યાં સુધીના ખર્ચને પહોંચી વળવા માટે, તેમને મળેલી રકમ પૂરતી નહીં હોય એમ સ્પષ્ટપણે જોઇ શકાય છે. અમારી સાથેની વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાતમાં પણ આ બાબતને સમર્થન મળ્યું હતું.

ઉચ્ચક રકમ તરીકે મળનાર રકમ, જે વખતે તે મળી હોય ત્યાં સુધીના ખર્ચને પહોંચી વળવા માટે પણ તે રકમ પૂરતી ન હોય તેને માટે સામાન્ય રીતે નીચેનાં કારણો જવાબદાર હોય એમ જણાય છે.

(૧) સામાન્ય રીતે સમાજ કલ્યાણ ખાતા તરફથી ઉચ્ચક રકમ આગલા વર્ષના કુલ ખર્ચ પર ૭૦% લેખે ચૂકવાતી હોય છે. હવે આગલા વર્ષ કરતાં જો આ વરસે સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોય તો આ રકમ વધુ વિદ્યાર્થીઓમાં વહેંચાતાં સરવાળે ઓછી રકમ આવે.

(૨) તેમાંથી સામાન્ય રીતે સત્ર ફી વગેરે નથી કાપવાની હોતી પણ જો કપાય તો પણ વિદ્યાર્થીને ઓછી રકમ મળે. હકીકત એમ પૂછેલા પ્રશ્નોમાં ઉચ્ચક રકમમાંથી જ સત્ર ફી કપાઇ હોવાનું કેટલા વિદ્યાર્થીઓએ દર્શાવ્યું હતું તેનો ખ્યાલ કોઠા નં. ૨.૮ પરથી આવે છે.

કોઠા નં. ૨.૮

ઉચ્ચક રકમમાંથી સત્ર ફી કપાઇ હતી કે કેમ તે દર્શાવતો કોઠો

| સત્ર ફી અંગેની વિગત | સંખ્યા | ટકા | પહેલો હપ્તો સંખ્યા | પહેલો હપ્તો ટકા |
|---|---|---|---|---|
| એક સત્રની ફી કપાઇ | ૯૬ | ૪૯.૪૮ | ૯૭ | ૪૯.૨૪ |
| બે સત્રની ફી કપાઇ | ૩૨ | ૧૬.૪૯ | ૩૭ | ૧૮.૨૮ |
| સત્ર ફી જાતે ભરી | ૧ | ૦.૫૨ | ૫ | ૭૨.૫૪ |
| ખબર નથી | ૬૫ | ૩૩.૫૧ | ૫૮ | ૨૯.૨૪ |
| કુલ | ૧૯૪ | ૧૦૦.૦૦ | ૧૯૭ | ૧૦૦.૦૦ |

હવે જો ઉચ્ચક રકમ જે વખતે મળી ત્યાં સુધીના ખર્ચને પહોંચી વળવા માટે તે પૂરતી ન હોય, વળી વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓએ સ્વાભાવિક રીતે જ કેટલોક વધારાનો ખર્ચ કરવાનો રહેતો હોય તેમાં જો તેની એક યા બે સત્રની ફી કે જે ખરેખર વિદ્યાર્થીને તેના ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે જ અપાતી હોય છે તેમાંથી તે કાપવાની જ નથી હોતી તે છતાં નિયમ બહાર જઇને જો કાપી લેવામાં આવે તો સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થીઓ વધુ આર્થિક મુશ્કેલીમાં મૂકાય અને પુસ્તકો, સાધનો જેવી કેટલીક તેમના અભ્યાસને માટે આવશ્યક ચીજવસ્તુઓ પાછળ પૂરતો ખર્ચ કરી ન શકે.

કોઠા નં. ૨.૯

છેલ્લો હપ્તો ક્યારે મળ્યો તે દર્શાવતો કોઠો

| મહિનો | વિદ્યાર્થી | ટકા | જૂના વિદ્યાર્થીઓની સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ડિસેમ્બર | ૧૪ | [illegible].૧૦ | ૪. | ૨.૦૬ |
| જાન્યુઆરી | ૩૦ | ૧૫.૨૩ | ૨૩ | ૧૧.૮૬ |
| ફેબ્રુઆરી | ૮૪ | ૪૨.૬૪ | ૭૦ | ૩૬.૦૮ |
| એપ્રિલ | ૫ | ૨.૫૪ | ૧૦ | ૫.૬૫ |
| નથી મળ્યો | ૬૪ | ૩૨.૪૯ | ૬૦ | ૩૦.૯૦ |
| જવાબ નથી | - | - | ૨૭ | ૧૩.૯૨ |
| કુલ | ૧૯૭ | ૧૦૦.૦૦ | ૧૯૪ | ૧૦૦.૦૦ |



આમ નવા વિદ્યાર્થીઓમાંથી ૪૨.૬૪% જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો છેલ્લો હપ્તો છેક માર્ચમાં એટલે કે સત્રના અંતમાં મળ્યો હતો. જ્યારે ૩૨.૪૯% જેટલા વિદ્યાર્થીઓને સત્રના અંત સુધી પણ છેલ્લો હપ્તો મળ્યો નહોતો, એમ આ આંકડા દર્શાવે છે. તે જ રીતે ઉત્તરદાતા વિદ્યાર્થીઓમાંથી જૂના વિદ્યાર્થીઓને સત્ર પૂરું થયા પછી-પંદરમી માર્ચ પછી- બીજો હપ્તો મળ્યો હતો.

શિષ્યવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ સમાજના આર્થિક રીતે નબળા અંગને ઉચ્ચ શિક્ષણ લેવા પ્રોત્સાહિત કરવાનો છે. શિષ્યવૃત્તિ સમયસર ન આપવાથી આ હેતુ બર આવતો નથી. પછાતવર્ગના જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેવા તત્પર હોય તેમને સમયસર શિષ્યવૃત્તિ ન મળે તો તેનો ભાર કુટુંબ પર પડે છે. સામાન્ય રીતે પ્રણાલિકાગત આદિવાસી કુટુંબનો દરેક સભ્ય કોઇને કોઇ આર્થિક ઉપાર્જનના કાર્યમાં લાગેલો હોય છે. તેથી આવો યુવાન વર્ગ જો ઉચ્ચ શિક્ષણમાં ઝંપલાવે તો કુટુંબની વધારાની આવકનું સાધન આપોઆપ જ છીનવાઇ જાય છે. આમ કુટુંબ પર બેવડો બોજો પડે છે. નવો વિદ્યાર્થી શહેરમાં ભણવા આવે ત્યારે સત્રની શરૂઆતમાં જ અમુક ખર્ચ વધુ આવે છે. એટલે જો પહેલા હપ્તામાં એને ઓછી રકમ મળે તો ઉચ્ચ શિક્ષણને લગતાં સાધનો માટે તેમજ તેને લગતા અન્ય આવશ્યક ખર્ચ માટે તેને પોતાના કુટુંબ પાસે જવું પડે છે. વળી બધી કોલેજો એક સરખા નિયમો પાળતી નથી. જો પહેલા સત્રમાં બે હપ્તાની ફી કાપી લેવામાં આવે તો વિદ્યાર્થી પાસે સત્રની શરૂઆતમાં શિક્ષણને લગતા ખર્ચને પહોંચી વળવા પૂરતી રકમ રહેતી હશે કે કેમ એ એક પ્રશ્ન છે.

તપાસ હેઠળના વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન કુલ અંદાજી ખર્ચ કેટલો થાય છે, કઇ કઇ બાબતોમાં થાય છે તેનો ઉપલક ખ્યાલ મેળવવા માટે તે અંગેની વિગતો પણ અમે વિદ્યાર્થીઓ પાસેથી મંગાવી હતી. પ્રત્યુત્તરદાતા વિદ્યાર્થીઓના પ્રત્યુત્તરો પરથી કરેલી તારવણી કોઠા નં. ૨.૧૦ અને ૨.૧૧માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૨.૧૦

વર્ષ દરમ્યાન અંદાજી ખર્ચ દર્શાવતો કોઠો

| રકમ | ૫૦૦થી નીચે | ૫૦૧થી ૭૫૦ | ૭૫૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી વધુ | જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|
| પ્રત્યુત્તરદાતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ટકા | ૨૯.૯૨ | ૨૫.૦૬ | ૧૯.૬૯ | ૧૫.૩૫ | ૪.૬૦ | ૩.૦૭ | ૨.૩૦ |

કોઠા નં. ૨.૧૦ પરથી જણાય છે કે લગભગ અર્ધ ઉપરાંત વિદ્યાર્થીઓનો પોતાનો ખર્ચ ૭૫૦થી નીચેનો બતાવ્યો છે. આમાં મોટા ભાગના દૈનિક છાત્ર (ડે-સ્કોલર) હોવાની તેમજ તેમણે પોતાનો ભોજનખર્ચ તેમજ કપડાં વગેરનાં ખર્ચનો સમાવેશ ન કર્યો હોવાની પણ ઘણાખરા કિસ્સાઓમાં સંભવિતતા છે. લગભગ ત્રીજા ભાગના વિદ્યાર્થીઓએ પોતાનો ખર્ચ રૂ. ૭૫૦થી ૧૫૦૦ વચ્ચે દર્શાવ્યો હતો. જ્યારે ૭-૧/૨ % જેટલા વિદ્યાર્થીઓએ ૧૫૦૦ ઉપરાંત ખર્ચ થતો હોવાનું દર્શાવ્યું હતું. આ ખર્ચ કઇ કઇ બાબતો પાછળ કરવામાં આવ્યો હતો તે અંગેની વિવિધ વિગત કુલ પ્રત્યુત્તરદાતા વિદ્યાર્થીઓના પ્રમાણ અંગેની વિગતોનું સંકલન કોઠા નં. ૨.૧૧માં દર્શાવવામાં આવ્યું છે.

## કોઠા નં. ૨.૧૧

વિવિધ બાબતો પાછળનો વર્ષ દરમ્યાનનો અંદાજી ખર્ચ દર્શાવતો કોઠો

| ખર્ચની બાબત | અંદાજી ખર્ચ ૫૦થી ઓછો | ૫૧થી ૧૦૦ | ૧૦૧થી ૧૫૦ | ૧૫૧થી ૨૦૦ | ૨૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૪૦૦ | ૪૦૧થી ૫૦૦ | ૫૦૧થી વધુ | જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પુસ્તકો | ૧૩.૮૧ | ૩૮.૮૭ | ૨૩.૫૩ | ૧૩.૦૪ | ૭.૬૭ | ૧.૦૨ | - | - | ૨.૦૫ |
| સાધનો | ૪૭.૮૩ | ૨૧.૯૯ | ૮.૪૪ | ૩.૫૮ | ૨.૫૬ | ૧.૫૩ | ૦.૫ | - | ૧૩.૫૫ |
| કપડાં | ૧.૦૨ | ૧૧.૨૫ | ૨૧.૪૮ | ૨૦.૯૭ | ૨૯.૯૨ | ૮.૪૪ | ૩.૦૭ | ૧.૫૩ | ૨.૩૦ |
| મનોરંજન | ૫૮.૫૭ | ૧૪.૩૨ | ૪.૦૯ | ૩.૩૨ | ૦.૭૭ | ૦.૨૬ | - | - | ૧૮.૬૭ |
| પ્રવાસ | ૧૮.૪૧ | ૨૨.૫૧ | ૧૩.૮૧ | ૧૧.૦૦ | ૭.૯૩ | ૩.૦૭ | ૨.૩૦ | ૦.૭૦ | ૨૮;૨૦ |
| ઈતર | ૧૮.૪૧ | ૧૫.૩૫ | ૮.૭૦ | ૫.૩૭ | ૬.૯૧ | ૨.૩૦ | ૧.૭૯ | ૧૧.૨૫ | ૨૯.૯૨ |



કોઠા નં. ૨.૧૧ પરની વિગતો પરથી જણાય છે કે પુસ્તકોમાં પચાસ રૂપિયાથી પણ ઓછું ખર્ચ કરનાર સંખ્યા લગભગ ૧૪% જેટલી અને પચાસથી સો વચ્ચે ખર્ચ કરનાર સંખ્યા લગભગ ૩૯% જેટલી હતી. વિનયન, પ્રાથમિક અધ્યાપન મંદિર પ્રમાણપત્ર અભ્યાસક્રમ અને ચિત્ર તાલીમ અને વ્યાયામના અભ્યાસક્રમોમાં આવી સંખ્યા નોંધપાત્ર હતી. અધ્યાપનમંદિર પ્રમાણપત્ર અભ્યાસક્રમ, ખેતીવાડી અને વ્યાયામ સિવાય બાકીના ઘણાખરા અભ્યાસક્રમોમાં પુસ્તકો પાછળ ૨૦૦થી ૩૦૦ની વચ્ચે ખર્ચ કરનાર ઓછી વત્તી સંખ્યા નોંધાઇ હતી.

સમાજ કલ્યાણ ખાતા તરફથી અમલમાં આવેલી બુકબેન્કની યોજનાને લીધે, પાઠયપુસ્તક ગ્રંથાલયની યોજનાને લીધે, અરસપરસ મિત્રો ભાગમાં કેટલાંક આવશ્યક પુસ્તકોની ખરીદી કરતા હોવાને લીધે, અને કેટલીક કોલેજો તરફથી પણ બુકબેન્ક દ્વારા પુસ્તકો આપવાની યોજનાને લીધે પુસ્તકો પાછળનું ખર્ચ ઓછું આવતું હોવાની સંભાવના ખરી પણ તેની સાથે સાથે કેટલીકવાર, ઉચ્ચક રકમ અથવા શિષ્યવૃત્તિનો હપ્તો આપવાનું કેટલાક કિસ્સાઓમાં તો વર્ષાન્ત સુધી લંબાતું હોવાને લીધે, પુસ્તકો વગેરની ખરીદી શિષ્યવૃત્તિમાંથી ન કરી શકયા હોવાના અને પોતાની પાસેનાં સાધનો પ્રમાણમાં મર્યાદિત હોવાથી પુસ્તકો વગેરે ન વસાવી શકયાનાં કેટલાંક ઉદાહરણો પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન મળેલાં. શિષ્યવૃત્તિ મોડી મળવાને લીધે સહજ રીતે જ હવે એકાદ બે માસ માટે યા તેથી પણ ઓછા ગાળા માટે પુસ્તકો કયાં લેવાં ? તેવી એક મનોવૃત્તિ પણ કેટલીકવાર કામ કરતી હોય એવી સંભાવના છે. વળી વર્ષ દરમ્યાન જો સમયસર શિષ્યવૃત્તિ ન મળે તો તે સંજોગોમાં પુસ્તકો, સાધનો વગેરે વર્ષની શરૂઆતમાં લેવાનાં હોય તેના પર વિદ્યાર્થી પૂરો ખર્ચ ન કરી શકે અને સત્રના અંતે શિષ્યવૃત્તિ મળતાં તેનો ઉપયોગ કપડાં, મનોરંજનમાં સવિશેષ થાય એમ પણ બને.

પ્રવાસમાં અભ્યાસ પ્રવાસના ખર્ચ ઉપરાંત, કેટલાક દૂરના ગામડેથી ટ્રેન યા બસમાં આવજા કરતા વિદ્યાર્થીઓએ રેલવે પાસ અથવા બસભાડાનો તેમજ કેટલાકે વતનમાં શિષ્યવૃત્તિના વિવિધ દાખલાઓની મેળવણી માટે કરવી પડેલી આવજાના ખર્ચનો પણ સમાવેશ કર્યો હતો.

ઉત્તરદાતા વિદ્યાર્થીઓમાંથી ૬૧.૬૩% વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહેતા હતા. ૩૭.૬૦% વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે ઘરે કે ભાડાનો રૂમ રાખી અભ્યાસ કરતા હતા. ૭૭% વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો નહોતો. છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીઓમાંથી ૨૫.૫૬% વિદ્યાર્થીઓની સત્ર ફી અનુક્રમે રૂ.૫૦ થી ઓછી હતી. ૪૫.૬૪% અને ૧૦.૭૯% વિદ્યાર્થીઓની સત્ર ફી

અનુક્રમે રૂ.૫૧થી ૧૦૦ની અંદર અને ૧૦૧ રૂપિયાથી વધુ હતી.૧૦.૦૧ ટકાએ જવાબ નહોતો આપ્યો. છાત્રાલયમાં રહેનાર પ્રત્યુત્તરદાતા વિદ્યાર્થીઓમાં ૪૫.૬૪%નું ભોજન ખર્ચ રૂપિયા ૭૫ સુધીનું હતું જ્યારે ૩૬.૯૩% છાત્રોનું ભોજનખર્ચ રૂ.૭૫થી ૧૫૦ સુધીનું હતું. બાકીનાએ જવાબ નહોતો આપ્યો. વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિની રકમ સાથે આ રકમ સરખાવીએ તો ઘણી વધારે કહેવાય. ૬૨.૨૪% જેટલા ઉત્તરદાતા છાત્રો છાત્રાલયની ફી જાતે ભરતા હતા. માત્ર ૩૪.૦૨% વિદ્યાર્થીઓની છાત્રાલય ફી શિષ્યવૃત્તિમાંથી કપાતી હતી. બાકીનાઓએ જવાબ નહોતો આપ્યો. માસિક ભોજનખર્ચનો પ્રશ્ન લઇએ તો ૬૫.૫૬% જેટલા વિદ્યાર્થીઓ જાતે માસિક ભોજનખર્ચ ભરતા હતા. જ્યારે ૩૩.૬૧% જેટલા વિદ્યાર્થીઓને તેમનું ભોજનખર્ચ શિષ્યવૃત્તિમાંથી કપાય તેવી સગવડ મળતી હતી. બાકીના વિદ્યાર્થીઓએ કશો જવાબ નહોતો આપ્યો. ૩.૪% વિદ્યાર્થીઓ કે જેમની છાત્રાલય ફી શિષ્યવૃત્તિમાંથી કપાતી હતી તેમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ કૉલેજને સંલગ્ન છાત્રાલયમાં રહેતા હતા. તેથી તેમની છાત્રાલય ફી શિષ્યવૃત્તિમાંથી કાપી લેવામાં આવતી હતી. જવાબ નહીં આપનાર વિદ્યાર્થીઓની ટકાવારી નહીં જેવી હતી. આ આંકડાઓ પરથી જણાય છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓને છાત્રાલયની ફી અને માસિક ભોજનખર્ચ જાતે ભરવું પડતું હોવાથી ઠીક ઠીક આર્થિક મુશ્કેલીઓ પડતી હશે.

શિષ્યવૃત્તિ સમયસર મળે છે કે નહીં, કઇ રીતે મળે છે, વિદ્યાર્થીઓનો અભ્યાસ વર્ષ દરમ્યાન કુલ અંદાજી તેમજ વિગતવાર ખર્ચ કેટલો થાય છે, છાત્રાલયમાં રહીને ભણનાર વિદ્યાર્થીઓને ભોજનખર્ચ કેટલું આપવું પડે છે, કેટલી સત્ર ફી આપવી પડે છે, એ માહિતીની સાથે વિદ્યાર્થી પોતે શિષ્યવૃત્તિ અંગે શું કહેવા માગે છે એની જાણકારી મેળવવી જરૂરી હોવાથી શિષ્યવૃત્તિની યોજના વિષે વિદ્યાર્થીઓનાં પોતાનાં મંતવ્યો જાણવાનો પ્રયત્ન પણ આ તપાસમાં કરવામાં આવ્યો હતો.

શિષ્યવૃત્તિની યોજનાના નિયમોમાં ફેરફાર જરૂરી છે કે નહીં અને જરૂરી હોય તો કયાં કારણોસર ફેરફાર જરૂરી છે એ અંગેનાં મંતવ્યો મેળવતાં ૩૪.૭૬% જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના અંગે કોઇ ફેરફાર કરવા જેવો લાગ્યો નહોતો. જ્યારે ૨૭.૬૨% જેટલા વિદ્યાર્થીઓએ આ અંગે કોઇ જવાબ આપ્યો નહોતો. બાકીના ૩૭.૬૨% વિદ્યાર્થીઓએ તેના પ્રત્યુત્તરમાં શિષ્યવૃત્તિના નિયમોમાં ફેરફાર કરવા અંગે જુદા જુદા પ્રકારનાં સૂચનો કર્યાં હતાં. ૧૫% જેટલા વિદ્યાર્થીઓએ



વહેંચણીના સમયમાં ખાસ ફેરફાર સૂચવ્યો હતો. શિષ્યવૃત્તિ સત્રની શરૂઆતમાં નહીં પણ અંતમાં મળતી હોવાથી વિદ્યાર્થીવર્ગને ઘણી મુશ્કેલી પડતી હોવાથી તે સત્રની શરૂઆતમાં જ મળવી જોઇએ એવું સૂચન પણ કર્યું હતું. આ આંકડા પરથી જણાય છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિના સમયમાં ફેરફારનું સૂચન કર્યું હતું. આ સિવાય ઉત્તરદાતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલાં અન્ય સૂચનોનો સારાંશ નીચે પ્રમાણે છે.

૩.૮૧% વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાની પદ્ધતિમાં ફેરફારનાં, ૩.૧૦% વિદ્યાર્થીઓએ વહેંચણીની પદ્ધતિમાં ફેરફારનાં, ૪.૦૫% વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિના દરના સંદર્ભમાં ફેરફારનાં, ૪૮% વિદ્યાર્થીઓએ ઓપન મેરીટ શિષ્યવૃત્તિના સંદર્ભમાં ફેરફારનાં, ૧.૬૭% વિદ્યાર્થીઓએ નોકરી અંગેના નિયમોમાં ફેરફારનાં, ૩.૮૨% વિદ્યાર્થીઓએ સંતાન મર્યાદાના નિયમમાં ફેરફારનાં, ૪૮% વિદ્યાર્થીઓએ નાપાસ વિદ્યાર્થીઓ અંગેના નિયમમાં ફેરફારનાં, ૪.૮% વિદ્યાર્થીઓએ અનુસ્નાતક ઉપાધિ અંગેના નિયમોમાં ફેરફારનાં, ૨૪% વિદ્યાર્થીઓએ છોકરા છોકરીને લગતા દરમાં ફેરફારનાં સૂચનો કર્યાં હતાં.

શિષ્યવૃત્તિના દરમાં વધારો કરવો જોઇએ કે નહીં અને કરવો જોઇએ તો કેટલો અને શા માટે એ પ્રશ્નના સંદર્ભમાં ઉત્તરદાતા વિદ્યાર્થીઓના નીચે પ્રમાણે પ્રત્યુત્તર આવ્યા હતા.

૮૬.૧૯% વિદ્યાર્થીઓએ વધારો કરવો જોઇએ એમ જણાવ્યું હતું. ૬.૬૫% વિદ્યાર્થીઓએ વધારાની કોઇ જરૂર નથી એમ જણાવ્યું હતું. જ્યારે ૭.૧૬%એ કોઇ જવાબ નહોતો આપ્યો. હાલમાં મળતી શિષ્યવૃત્તિ ઉપરાંત વાર્ષિક કેટલી રકમનો વધારો કરવો જોઇએ એ અંગેનાં સૂચનો નીચે પ્રમાણે હતાં.

૧૭.૯૦% વિદ્યાર્થીઓએ ૨૫૦ રૂપિયાથી નીચે, ૨૭.૭૨% વિદ્યાર્થીઓએ ૨૫૧ થી ૫૦૦ની વચ્ચે, ૧૩.૩૦% વિદ્યાર્થીઓએ રૂ.૫૦૦થી ૧૦૦૦ની વચ્ચે અને ૭.૯૩% વિદ્યાર્થીઓએ ૧૦૦૦થી વધુ રકમનો વધારો કરવો જોઇએ એમ જણાવ્યું હતું. ૨૭.૩૧% વિદ્યાર્થીઓએ કેટલો વધારો કરવો જોઇએ એ વિષે કોઇ જવાબ નહોતો આપ્યો. ૭૭% જેટલા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે શિષ્યવૃત્તિની કેટલી રકમ મળવી જોઇએ એ વિષે જ અમને માહિતી નથી તેથી કેટલો વધારો કરવો જોઇએ એ વિષે સૂચન કરવા તેઓ અસમર્થ છે. વધારો શા માટે કરવો જોઇએ એ અંગે ઉત્તરદાતા વિદ્યાર્થીઓએ આપેલાં કારણોની વિગતો નીચે પ્રમાણે હતી.

૩.૫૩% જેટલા વિદ્યાર્થીઓએ વધેલી મોંઘવારીને લીધે શિષ્યવૃત્તિના દરમાં વધારો કરવો જોઇએ એમ જણાવ્યું હતું. ૨૪% જેટલા વિદ્યાર્થીઓએ જુદાં જુદાં કારણોસર જેવાં કે નબળી આર્થિક સ્થિતિ, અંગત રહેઠાણનો પ્રબંધ, છાત્રાલય ખર્ચ, ભોજનખર્ચ વગેરે કરવાં પડતાં હોવાથી શિષ્યવૃત્તિના દરમાં વધારો સૂચવ્યો હતો. ૧૭.૬૮% વિદ્યાર્થીઓએ એ વિષે કોઇ કારણ આપ્યાં નહોતાં.

ભારત સરકારની આ શિષ્યવૃત્તિના આ આદેશની એક કલમ મુજબ એક જ માતા પિતાનાં બે જ બાળકોને શિષ્યવૃત્તિ મળે છે, આવો નિયમ ચાલુ રહેવો જોઇએ કે નહિ એવા સીધા પ્રશ્નના જવાબમાં ઉત્તરદાતા વિદ્યાર્થીઓ તરફથી નીચે પ્રમાણે જવાબો અપાયા હતા.

૧૧.૩૬% વિદ્યાર્થીઓએ આવો નિયમ ચાલુ રહેવો જોઇએ એમ જણાવેલું, જ્યારે ૮૧.૨૩% વિદ્યાર્થીઓએ આવો નિયમ ન હોવો જોઇએ એમ જણાવેલું, જ્યારે ૬.૬૭% વિદ્યાર્થીઓએ કોઇ જવાબ આપેલો નહીં. ૭૪%એ આ નિયમમાં કોઇ વાંધો ન હોવાનું પણ બે બાળકોની મર્યાદા વધારી ત્રણ કે ચાર કરવી જોઇએ એમ જણાવેલું. સંખ્યા મર્યાદાની તરફેણમાં જવાબ આપનાર વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણે પોતાનાં મંતવ્યો માટે કારણો આપ્યાં હતાં.

૪.૩૫%એ જણાવ્યું હતું કે બધાં જ બાળકો જો શિક્ષણમાં જોડાય તો મા બાપને ખેતી કામમાં મુશ્કેલી પડે. ૩૪.૭૮%એ કુટુંબ નિયોજન માટે ઉપરનો નિયમ પ્રોત્સાહક હોવાનું જણાવેલું, ૬.૫૨%એ જણાવ્યું હતું કે કુટુંબના બધા જ બાળકોનો બોજો સરકાર ઉપર ન નાખવો જોઇએ. ૧૦.૮૭%ની દલીલ એ હતી કે એક જ કુટુંબના બધા જ બાળકો કરતાં આદિવાસી સમાજમાં બધા જ કુટુંબના બાળકોને આ લાભ મળવો જોઇએ. જ્યારે ૪૩.૪૮% વિદ્યાર્થીઓએ કોઇ જવાબ આપ્યો નહોતો. સંતાન મર્યાદાના નિયમની વિરુધ્ધમાં જે કારણો દર્શાવાયાં હતાં તેની વિગતો નીચે પ્રમાણે હતી.

૬૩.૫૨% વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે બે જ બાળકો ભણે તો બીજાં બધાં બાળકો ભણતરથી વંચિત રહી જાય. ૧૮.૨૪% વિદ્યાર્થીઓએ આદિવાસીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી આવી સંખ્યા મર્યાદા રાખવી ન જોઇએ એમ જણાવ્યું હતું. ૯.૧૨%એ આ નિયમ આદિવાસી સમાજની પ્રગતિને અવરોધક હોવાનું જણાવ્યું હતું. ૯.૧૨%એ કોઇ જવાબ નહોતો આપ્યો.

શિષ્યવૃત્તિ સમયસર મળે છે કે નહીં એવા સવાલના પ્રત્યુત્તરમાં ૩૬.૫૭% વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ સમયસર મળતી હોવાનું, અને ૫૬.૭૮%એ સમયસર ન મળતી હોવાનું જણાવ્યું હતું.



૪.૮૬% વિદ્યાર્થીઓએ કોઇ જવાબ નહોતો આપ્યો. જ્યારે ૧.૭૯%એ ક્યારે મળવી જોઇએ એ ખબર નથી તેથી સમયસર કહેવાય કે નહીં એ કહી શકતા નથી એમ જણાવ્યું હતું. શિષ્યવૃત્તિ સમયસર ન મળતી હોય તો વિદ્યાર્થીઓની દ્રષ્ટિએ ક્યાં કારણો હોઇ શકે એ અંગે પણ અમે જવાબો મંગાવ્યા હતા. તેમની દ્રષ્ટિએ સંભવિત કારણો નીચે પ્રમાણે હતાં.

૨૦.૪૮% વિદ્યાર્થીઓએ સરકારની ઢીલને કારણે, ૩૧.૮૧% વિદ્યાર્થીઓએ કોલેજની ઢીલને કારણે, ૧.૯૬% વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓની બેદરકારીને કારણે, ૨.૧૮% અન્ય કારણોસર શિષ્યવૃત્તિ મોડી મળતી હોવાનું જણાવ્યું હતું. જ્યારે ૪૩.૫૭% વિદ્યાર્થીઓએ કોઇ જવાબ નહોતો આપ્યો. શિષ્યવૃત્તિ સમયસર મળે તે માટે શું કરવું જોઇએ એ અંગે વિદ્યાર્થીઓ પાસેથી તેમનાં સૂચનો પણ મંગાવ્યાં હતાં. એ સૂચનોનો સારાંશ વર્ગીકરણ આ પ્રમાણે છે. ૧૦.૬૯% વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ ખાતા તરફથી સીધી મળવી જોઇએ એમ જણાવેલું. ૫.૪૬%એ શિષ્યવૃત્તિ દર માસે આપવાનું, ૨.૩૮%એ ચૂકવણી દર ત્રણ માસે કરવાનું, ૧૬.૩૯%એ ચૂકવણી બંને સત્રની શરૂઆતમાં કરવાનું, ૬.૨૫%એ શિષ્યવૃત્તિની ચૂકવણી માટે અલગ વ્યવસ્થા કરવાનું, ૧૭.૮૫%એ સમયસર ચૂકવણી માટે કોલેજને ફરજ પાડવાનું અને ૭૧% વિદ્યાર્થીઓએ નિયમોની પૂરેપૂરી માહિતી આપવાનું જણાવ્યું હતું. જ્યારે ૩૯.૯૦%એ કોઇ જવાબ આપ્યો નહોતો. જ્યારે ૧૪.૪૮%એ કોઇ મુશ્કેલી પડતી ન હોવાનું જણાવ્યું હતું. ૧૮.૭૮%એ શિષ્યવૃત્તિ અનિયમિત મળતી હોવાનું જણાવ્યું હતું. ૧.૩૬% વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિની રકમ ઓછી પડતી હોવાનું, ૧૨.૯૦% વિદ્યાર્થીઓએ કોલેજ ઓફિસ તરફથી કનડગત થતી હોવાનું, ૬.૩૩% વિદ્યાર્થીઓએ સમાજ કલ્યાણ ખાતાની બેદરકારી હોવાનું, ૧.૮૧% વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિના નિયમોની જાણકારી આપવામાં ન આવતી હોવાનું, ૪.૦૫% વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત હોવાનું જણાવ્યું હતું. ઉપરની હકીકતો જોઇએ તો માત્ર ૧૪.૪૮% જેટલા વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ અંગે કોઇ મુશ્કેલી ન હતી. ૩૦.૭૭% વિદ્યાર્થીઓ કે જેમણે કોઇ જવાબ નહોતો આપ્યો, તેમને બાદ કરીએ તો પણ ૫૦% ઉપરાંત વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ અંગે કોઇને કોઇ મુશ્કેલી હોવાનું જણાવ્યું હતું. ઘણીવાર કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લઇ લે છે પણ શિષ્યવૃત્તિનો છેલ્લો હપ્તો આપવાનો હોય ત્યારે પરીક્ષા ફી પાછી આપવી જોઇએ. આ નિયમનું કોલેજ બરાબર પાલન કરે છે કે કેમ એ અંગેની જાણકારી માટે અમે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી માગી હતી. ૧.૭૯% જેટલા વિદ્યાર્થીઓને આ વિષે કોઇ ખ્યાલ જ નહોતો.

૫૫.૫૦% જેટલા વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવી હતી જ્યારે ૪૧.૬૯% વિદ્યાર્થીઓએ આવી કોઇ ફી આપી નહોતી. જે વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવી હતી તેમાંથી માત્ર ૧૯.૧૮%ને તે છેલ્લા હપ્તા સાથે પરત કરવામાં આવી હતી. જ્યારે ૭૪.૪૨% જેટલા વિદ્યાર્થીઓને તે શિષ્યવૃત્તિના છેલ્લા હપ્તા સાથે પરત કરવામાં આવી નહોતી. ૨.૫% વિદ્યાર્થીઓએ આ સંદર્ભમાં કોઇ જવાબ આપ્યો નહોતો. જ્યારે ૪.૩૫% જેટલા વિદ્યાર્થીઓને તે પરત મળી છે કે નહીં એ વિષે બરાબર ખ્યાલ નહોતો. શિષ્યવૃત્તિ મેળવવાના બે નિયમો-શરતો- (૧) આવક મર્યાદા (૨) સંતાન મર્યાદા, વિષે આદિવાસી સમાજનો યુવાનવર્ગ વિશેષ સંવેદનશીલ હતો અને એ નિયમોનો તેમણે વિરોધ કરેલો. આ બે નિયમો અંગે અમે ચોક્કસ માહિતી માગી હતી. આ અંગે ગુજરાત આદિવાસી યુવક મંડળ તરફથી રાષ્ટ્રપતિને આવેદનપત્ર અપાયાનું પણ અમારી જાણમાં આવેલું. ગુજરાત આદિવાસી વિદ્યાર્થી યુવક મંડળે પણ આ નિયમનો વિરોધ કરેલો. ઉત્તરદાતા વિદ્યાર્થીઓના ૬૨.૦૫% વિદ્યાર્થીઓએ આવક મર્યાદા કાઢી નાખવાની માગણી કરી હતી. જ્યારે ૨૯.૪૩%એ ચાલુ રાખવામાં આવે તો વાંધો નથી એમ જણાવેલું. ૭.૯૮%એ કોઇ જવાબ આપ્યો નહોતો. જ્યારે બાકીનાઓએ આવકમર્યાદાની સીમા ઊંચી કરવી જોઇએ એમ જણાવેલું. આમ ૨૯.૪૩% જેટલા વિદ્યાર્થીઓએ આવક મર્યાદાની તરફેણમાં પોતાનો જવાબ આપ્યો હતો. આવક મર્યાદા કેમ રાખવી જોઇએ તેના કારણમાં ૭૨.૦૪%એ કહ્યું હતું કે ઊંચી આવકવાળાં આદિવાસીઓનાં સંતાનોએ પોતાની જાતે જ ભણવું જોઇએ. આવક મર્યાદાની તરફેણ કરતા વિદ્યાર્થીઓમાંથી ૧.૬૦%એ પોતાના જવાબના સમર્થનમાં જણાવ્યું હતું કે બધાને જ શિષ્યવૃત્તિ આપવામાં આવે તો સરકારને માથે નાણાંકીય બોજો વધી જાય, જે યોગ્ય ન ગણાય. માટે આવક મર્યાદા જરૂરી છે. ૫.૯૩% જેટલા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજ અને હરિજન સમાજ વચ્ચે સમાનતા રાખવી જોઇએ. અને જો હરિજન વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદાનો નિયમ હોય તો તે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને માટે પણ એ નિયમ લાગુ પાડવો જોઇએ. આવક મર્યાદાની તરફેણ કરનાર વિદ્યાર્થીઓમાંથી ૨૦.૪૩%એ પોતાના સમર્થન માટે કોઇ કારણ આપ્યાં નહોતાં. ઉપર જોયું તેમ આવક મર્યાદાના નિયમની વિરુદ્ધ ૬૨.૦૯% વિદ્યાર્થીઓએ જવાબ આપ્યા હતા. તેમાંથી ૩૭.૨૦% વિદ્યાર્થીઓએ પોતાના વિરોધ માટે કોઇ કારણ દર્શાવ્યું નહોતું. ૪૨.૪૦% જેટલા વિદ્યાર્થીઓએ વિરોધના કારણ તરીકે જણાવ્યું હતું કે આદિવાસી સમાજ એટલો પછાત છે અને સરેરાશ આવક એટલી ઓછી છે કે આવક મર્યાદાનો નિયમ લાગુ પડી



શકે જ નહિ. આદિવાસી સમાજ અન્ય સમાજની સરખામણીમાં આર્થિક રીતે ઘણો પછાત હોવાથી આર્થિક બાબતોમાં આવી મર્યાદા ન રાખવી જોઇએ. જો આવક મર્યાદા લાદવામાં આવશે તો ઉચ્ચ શિક્ષણ કોઇ લઇ શકશે નહીં. બાકીના જે વિદ્યાર્થીઓ રહ્યા તેમણે આવક મર્યાદાના નિયમની વિરુદ્ધમાં નીચે પ્રમાણેનાં કારણો આપ્યાં હતાં.

૯.૨૦% વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે આદિવાસીઓની આવક સ્થાયી નથી. ઋતુ પ્રમાણે વધઘટ થયા કરે છે. ૪.૦૦%એ આદિવાસીઓ પોતાની આવક વિષે ઘણા અજ્ઞાન હોવાનું અને આવક વધુ હોય તો સાથે માણસ પણ વધુ હોવાનું જણાવેલું. ૨.૦૦%એ જણાવ્યું હતું કે આવક મર્યાદાના દાખલા અંગેની વિધિમાં મુશ્કેલી પડે છે. ૪.૪૦% વિદ્યાર્થીઓએ હરિજન સમાજ કરતાં આદિવાસી સમાજ ઘણો પાછળ છે તેથી આવક મર્યાદાનો નિયમ આદિવાસી સમાજને હાલ પૂરતો લાગુ પાડવો ન જોઇએ તેવી માગણી કરેલી. ૮૦.૦૦%એ આવક ઊંચી હોય તો પણ વાલી અજ્ઞાનતાને લીધે શિક્ષણ પાછળ પૈસા ખર્ચતા ન હોય એવા કિસ્સા હોવાનું જણાવેલું.

| ક્રમ | ગાળો | પહેલો હપ્તો | છેલ્લો હપ્તો | કુલ | કુલ સંખ્યામાં પ્રમાણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પહેલો હપ્તો | છેલ્લો હપ્તો | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | જવાબ નથી | ૩૪ | ૩૪ | ૬૮ | ૩૪.૩૫ | ૩૪.૩૫ | ૩૪.૩૪ |
| ૨ | ૦ | ૧૯ | ૨૧ | ૪૦ | ૧૯.૧૯ | ૨૧.૨૧ | ૨૦.૨૦ |
| ૩ | ૧ | ૩ | ૩ | ૬ | ૩.૦૩ | ૩.૦૩ | ૩.૦૩ |
| ૪ | ૨ | ૨ | ૩ | ૫ | ૨.૦૨ | ૩.૦૩ | ૨.૫૩ |
| ૫ | ૩ | - | ૨ | ૨ | - | ૨.૦૨ | ૧.૦૧ |
| ૬ | ૪ | ૫ | ૧ | ૬ | ૫.૦૫ | ૧.૦૧ | ૩.૦૩ |
| ૭ | ૫ | - | ૨ | ૨ | - | ૨.૦૨ | ૧.૦૧ |
| ૮ | ૬ | ૨ | ૬ | ૮ | ૨.૦૨ | ૬.૦૬ | ૪.૦૪ |
| ૯ | ૭ | ૧ | ૧ | ૨ | ૧.૦૧ | ૧.૦૧ | ૧.૦૧ |
| ૧૦ | ૮ | ૧ | ૧ | ૨ | ૧.૦૧ | ૧.૦૧ | ૧.૦૧ |
| ૧૧ | ૯ | ૩ | ૨ | ૫ | ૩.૦૩ | ૨.૦૨ | ૨.૫૩ |
| ૧૨ | ૧૦ | - | ૩ | ૩ | - | ૩.૦૩ | ૧.૫૨ |
| ૧૩ | ૧૧ | ૩ | ૪ | ૭ | ૩.૦૩ | ૪.૦૪ | ૩.૫૪ |
| ૧૪ | ૧૩ | - | ૩ | ૩ | - | ૩.૦૩ | ૧.૫૨ |
| ૧૫ | ૧૪ | ૨ | ૩ | ૫ | ૨.૦૨ | ૩.૦૩ | ૨.૫૩ |
| ૧૬ | ૧૫ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૧૭ | ૧૬ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૧૮ | ૧૭ | ૨ | - | ૨ | ૨.૦૨ | - | ૧.૦૧ |
| ૧૯ | ૧૮ | ૩ | - | ૩ | ૩.૦૩ | - | ૧.૫૨ |
| ૨૦ | ૧૯ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૨૧ | ૨૦ | - | ૧ | ૧ | - | ૧.૦૧ | ૦.૫૧ |

...ચાલુ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૨૧ | ૨ | ૧ | ૩ | ૨.૦૨ | ૧.૦૧ | ૧.૫૧ |
| ૨૩ | ૨૨ | - | ૪ | ૪ | - | ૪.૦૪ | ૨.૦૨ |
| ૨૪ | ૨૫ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૨૫ | ૨૮ | ૧ | ૧ | ૨ | ૧.૦૧ | ૧.૦૧ | ૧.૦૧ |
| ૨૬ | ૨૯ | - | ૧ | ૧ | - | ૧.૦૧ | ૦.૫૧ |
| ૨૭ | ૩૭ | - | ૧ | ૧ | - | ૧.૦૧ | ૦.૫૧ |
| ૨૮ | ૪૪ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૨૯ | ૫૬ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૦ | ૬૦ | ૧ | ૧ | ૨ | ૧.૦૧ | ૧.૦૧ | ૧.૦૧ |
| ૩૧ | ૬૭ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૨ | ૭૬ | ૨ | - | ૨ | ૨.૦૨ | - | ૧.૦૧ |
| ૩૩ | ૧૨૩ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૪ | ૧૨૯ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૫ | ૧૪૫ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૬ | ૧૪૬ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૭ | ૧૬૨ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૩૮ | ૧૮૫ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |



કોઠા નં.૩.૨૦

ચૂંટવણીના પ્રારંભ અને અંતની વચ્ચેનો વધારાનો ગાળો દર્શાવતો કોઠો

| ક્રમ | ગાળો | પહેલો હપ્તો | છેલ્લો હપ્તો | કુલ | કુલ સંખ્યામાં પ્રમાણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પહેલો હપ્તો | છેલ્લો હપ્તો | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | જવાબ નથી | ૩૪ | ૩૪ | ૬૮ | ૩૪.૩૫ | ૩૫.૩૬ | ૩૪.૩૪ |
| ૨ | ૦ | ૨૯ | ૩૦ | ૫૯ | ૨૯.૨૯ | ૩૦.૩૦ | ૨૯.૮૦ |
| ૩ | ૧ | - | ૨ | ૨ | - | ૨.૦૨ | ૧.૦૧ |
| ૪ | ૨ | ૨ | ૬ | ૮ | ૨.૦૨ | ૬.૦૬ | ૪.૦૪ |
| ૫ | ૩ | ૧ | ૧ | ૨ | ૧.૦૧ | ૧.૦૧ | ૧.૦૧ |
| ૬ | ૪ | ૧ | ૧ | ૨ | ૧.૦૧ | ૧.૦૧ | ૧.૦૧ |
| ૭ | ૫ | ૩ | ૨ | ૫ | ૩.૦૩ | ૨.૦૨ | ૨.૫૩ |
| ૮ | ૬ | - | ૩ | ૩ | - | ૩.૦૩ | ૧.૫૨ |
| ૯ | ૭ | ૩ | ૪ | ૭ | ૩.૦૩ | ૪.૦૪ | ૩.૫૪ |
| ૧૦ | ૮-૧૦ | ૨ | ૬ | ૮ | ૨.૦૨ | ૬.૦૬ | ૪.૦૪ |
| ૧૧ | ૧૧-૧૪ | ૭ | - | ૭ | ૭.૦૭ | - | ૩.૫૪ |
| ૧૨ | ૧૫-૨૧ | ૪ | ૬ | ૧૦ | ૪.૦૪ | ૬.૦૬ | [illegible] |
| ૧૩ | ૨૨-૨૮ | ૧ | ૨ | ૩ | ૧.૦૧ | ૨.૦૨ | ૧.૫૨ |
| ૧૪ | ૨૯-૩૫ | - | ૧ | ૧ | - | ૧.૦૧ | ૦.૫૧ |
| ૧૫ | ૩૬-૪૨ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૧૬ | ૪૩-૪૯ | - | - | - | - | - | - |
| ૧૭ | ૫૦-૫૬ | ૨ | ૧ | ૩ | ૨.૦૨ | ૧.૦૧ | ૧.૫૨ |
| ૧૮ | ૫૭-૬૦ | - | - | - | - | - | - |
| ૧૯ | ૬૧-૬૫ | ૩ | - | ૩ | ૩.૦૩ | - | ૧.૫૨ |
| ૨૦ | ૭૬-૯૦ | - | - | - | - | - | - |

...ચાલુ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૯૧-૧૦૫ | - | - | - | - | - | - |
| ૨૨ | ૧૦૬-૧૨૦ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૨૩ | ૧૨૧-૧૫૦ | ૩ | - | ૩ | ૩.૦૩ | - | ૧.૫૨ |
| ૨૪ | ૧૫૧-૧૮૦ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |
| ૨૫ | ૧૮૧-૨૧૦ | ૧ | - | ૧ | ૧.૦૧ | - | ૦.૫૧ |

કોલેજોએ પોતે પાડેલી માહિતી પ્રમાણભૂત ગણીએ તો પણ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ ખૂબ મોડી મળે છે.એ ફરિયાદ ખરી લાગે છે. મોટા ભાગની કોલેજોમાં શિષ્યવૃત્તિની ચૂકવણી છેક માર્ચ-એપ્રિલ સુધી ખેંચાય છે તેથી વિદ્યાર્થીઓને બીજા સત્રમાં પણ ખૂબ આર્થિક મુશ્કેલી પડે છે. અને આ માનસિક તણાવ તેમના અભ્યાસનું ધોરણ નીચું લાવવામાં કેટલેક અંશે કારણભૂત બને છે. શિષ્યવૃત્તિની વહેંચણીની પધ્ધતિ ખૂબ લાંબી અને ઘણો સમય માગી લેતી લાગે છે. અને જો ઝડપી અને સરળ બનાવી શકાય તો વિદ્યાર્થીઓને અચૂક રાહત મળે.

ઘણી કોલેજોમાં ફોર્મની ક્ષતિઓને કારણે કે વિદ્યાર્થીઓના શિક્ષણના વિવિધ તબક્કાના અપવ્યય અને સ્થગિતતાના કારણસર કોલેજોને મળેલી શિષ્યવૃત્તિની રકમમાંથી કોઇક બચત થવી જોઇએ એમ અમને લાગેલું તેથી તે અંગે પણ અમે માહિતી મંગાવેલી. ૯૯ કોલેજોમાંથી ૪૮ કોલેજોએ નોંધાવેલું કે તેમની પાસે તપાસના વર્ષમાં બચત રહી હતી જયારે ૩૯ કોલેજોએ તપાસના વર્ષમાં તેમની પાસે કોઇ બચત ન રહેતી હોવાનું જણાવેલું. જયારે ૧૨ કોલેજોએ જવાબ આપ્યો નહોતો. જે કોલેજોએ તેમની પાસે બચત રહે છે તેમ જણાવેલું તેમની પાસે તપાસના વર્ષમાં કેટકેટલી રકમ બચત પેટે રહી હતી તેની વિગતો કોઠા નં.૩.૨૧ માં દર્શાવ્યા પ્રમાણે હતી.



કોઠા નં.૩.૨૧

બચતની રકમ દર્શાવતો કોઠો

| ક્રમ | રકમજૂથ | કોલેજ સંખ્યા |
|---|---|---|
| ૧. | ૧ થી ૧૦૦ રૂ. | ૨ |
| ૨. | ૧૦૧થી ૫૦૦ રૂ. | ૮ |
| ૩. | ૫૦૧થી ૧૦૦૦ રૂ. | ૧૦ |
| ૪. | ૧૦૦૧થી ૩૦૦૦ રૂ. | ૧૦ |
| ૫. | ૩૦૦૧થી ૫૦૦૦ રૂ. | ૩ |
| ૬. | ૫૦૦૧થી ૧૦૦૦૦ રૂ. | ૪ |
| ૭. | ૧૦૦૦૦ થી ઉપર | ૩ |
| ૮. | જવાબ નહિ | ૮ |

કોઠા પરથી જોઇ શકીએ છીએ તે પ્રમાણે બચત ધરાવનાર કોલેજોમાંથી લગભગ છઠ્ઠા ભાગની કોલેજોએ કેટલી બચત છે તે અંગે કોઇ પ્રત્યુત્તર આપ્યો નહોતો. બાકીની કોલેજોમાંથી હજાર કે તેથી નીચેની રકમ વીસ કોલેજોમાં હતી. સાતેક કોલેજોની પાસે આ રકમ રૂપિયા પાંચ હજાર કરતાં પણ વધુ હતી.

આ બચત માટે વિવિધ કોલેજોએ જુદાં જુદાં કારણો દર્શાવ્યાં હતાં. ૧૨ કોલેજોએ ઉચ્ચક રકમ વધારે મંજૂર થઇ એટલે બચત રહી હોવાનું જણાવ્યું હતું. ૩ કોલેજોએ વિદ્યાર્થીઓ કોલેજ છોડી ગયા હોવાથી બચત થઇ હોવાનું જણાવ્યું હતું. ૩ કોલેજોએ વિદ્યાર્થીઓ ગેરહાજર રહેતા હોવાથી , ૨ કોલેજોએ કેટલાક વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય મેરીટ સ્કોલરશીપ લીધેલ હોવાથી આ શિષ્યવૃત્તિની રકમ પરત લેવામાં આવી હોવાથી, અને ૪ કોલેજોએ વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ ન ભરાયાં હોવાથી બચત રહી હોવાનું જણાવ્યું હતું. ૨ કોલેજોમાં કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થી ખરેખર શિષ્યવૃત્તિને પાત્ર છે કે નહીં તેની ચકાસણી પૂરી થઇ નહીં હોવાથી વર્ષાન્તે બચત રહી હોવાનું જણાવ્યું હતું. ૨ કોલેજોએ કેટલાક વિદ્યાર્થીઓનું વર્તન સંતોષકારક ન હોવાથી શિષ્યવૃત્તિની રકમ ન ચૂકવતાં બચત રહી હોવાનું જણાવ્યું હતું. બાકીની કોલેજોએ બચત માટે

કોઇ જવાબ આપ્યો નહોતો. એક વખત બચત રહે પછી કોલેજ પાછી જમા કરાવે છે કે કેમ અને કયા માસમાં પાછી જમા કરાવે છે તે અંગે પૂછેલા પ્રશ્નોના નીચે પ્રમાણે જવાબો અપાયા હતા. ૬ કોલેજોએ બચત હતી છતાં જમા કરાવી નહોતી. ૧૩ કોલેજોએ સમાજ કલ્યાણ ખાતા તરફથી વિદ્યાર્થીઓનાં ફોર્મ બાબત બરાબર જવાબ ન આપવાથી જમા ન કરાવ્યાનું જણાવ્યું હતું. બાકીની કોલેજોએ નવેમ્બર-એપ્રિલના ગાળામાં બચત પાછી જમા કરાવી હતી.

સત્ર ફી કેવી રીતે કાપો છો એવા સવાલના જવાબમાં દર્શાવેલી વિગતો કોઠા નં.૩.૨૨માં દર્શાવ્યા પ્રમાણે હતી.

કોઠા નં.૩.૨૨

ઉચ્ચક રકમમાંથી શિષ્યવૃત્તિ કપાય છે કે કેમ તે દર્શાવતો કોઠો

| | |
|---|---|
| ૧. એક સત્રની | ૬૩.૨૭ |
| ૨. બે સત્રની | ૧૯.૩૯ |
| ૩. જવાબ નહીં | ૪.૦૦ |
| ૪. બીલકુલ કાપવામાં આવતી નથી | ૧૧.૨૫ |
| ૫. એડહોક મળી નથી એટલે કાપી નથી | ૨.૦૪ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે માત્ર દસમા ભાગની કોલેજોએ શિષ્યવૃત્તિની રકમમાંથી સત્ર ફી કાપી નહોતી. જયારે લગભગ પાંચમા ભાગની કોલેજોએ તો બંને સત્રની સત્ર ફી કાપી લીધી હતી. લગભગ ૨/૩ ભાગની કોલેજોએ એક સત્રની ફી કાપી હતી. વિદ્યાર્થીને શરૂઆતના મહિનાઓમાં મોડે મોડે મળતી શિષ્યવૃત્તિની રકમ પણ તેના જે તે વખત સુધીના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી નથી હોતી, તેમાં આ એક બાબત પણ કેટલેક અંશે જવાબદાર છે.

છાત્રાલયમાં રહેતા પછાતવર્ગના વિદ્યાર્થીઓની સત્ર ફી અને ભોજનખર્ચની વ્યવસ્થા અંગેના પ્રશ્નના સંદર્ભમાં કોલેજોને પૂછેલા પ્રશ્નોના પ્રત્યુત્તરોની સારવણી કોઠા નં.૩.૨૩માં કરવામાં આવી છે.



કોઠા નં.૩.૨૩

છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની સત્ર ફી, ભોજનખર્ચ અંગેની વ્યવસ્થા

| ક્રમ વિગત | સત્ર ફી | ભોજનખર્ચ |
|---|---|---|
| ૧. વિદ્યાર્થીઓ જાતે ભરે છે. | ૨૮.૫૭ | ૩૦.૬૧ |
| ૨. શિષ્યવૃત્તિમાંથી કપાય છે. | ૨૭.૫૫ | ૧૪.૨૯ |
| ૩. છાત્રાલયની વ્યવસ્થા નથી | ૧૪.૨૯ | - |
| ૪. છાત્રાલયમાં પછાતવર્ગના વિદ્યાર્થીઓ નથી | ૧.૦૨ | - |
| ૫. રસોડું ચાલતું નથી | - | ૪.૦૮ |
| ૬. જવાબ નથી | ૨૮.૫૭ | ૫૧.૦૨ |

૧૪% કોલેજોએ ભોજનખર્ચ શિષ્યવૃત્તિમાંથી કાપવાની અને તેનાથી લગભગ બમણી સંખ્યાની કોલેજોએ સત્ર ફી શિષ્યવૃત્તિમાંથી કાપવાની સગવડ આપેલી. કોઠા નં.૩.૨૩ પરથી જણાશે કે ૧૫% જેટલી કોલેજોએ તો છાત્રાલયની વ્યવસ્થા જ નહોતી આપી તેથી યા પછાતવર્ગના વિદ્યાર્થીઓ ન હોવાથી પછાતવર્ગના વિદ્યાર્થીઓના ભોજનખર્ચ યા સત્ર ફી અંગેનો પ્રશ્ન નહોતો. ચારેક ટકા કોલેજોમાં રસોડું પણ નહોતું. ૩% કોલેજોના પછાતવર્ગના વિદ્યાર્થીઓને માસિક ભોજનખર્ચ, સત્ર ફી વગેરે ભરવું પડતું હોવાનું કોઠા નં.૩.૨૩માં જણાય છે. તેમાં જો પ્રત્યુત્તર ન આપનાર કોલેજોની સંખ્યા ઉમેરીએ તો લગભગ ૮૦% કોલેજોના વિદ્યાર્થીઓને ભોજનખર્ચ અને અર્ધ ઉપરાંત કોલેજોના વિદ્યાર્થીઓને સત્ર ફી જાતે ભરવાની હતી.

વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી કેવી રીતે લેવામાં આવે છે એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ૬૩ કોલેજોએ તે વિદ્યાર્થી પાસેથી સીધી લેવામાં આવતી હોવાનું, ૨૯ કોલેજોએ વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી નહીં હોવાનું, ૪ કોલેજોએ પરીક્ષા ફી માફ કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું. જયારે ત્રણ કોલેજોએ કોઇ પ્રત્યુત્તર આપ્યો નહોતો. પરીક્ષા ફી વિદ્યાર્થીઓ પાસેથી લીધા પછી તેને પરત કેવી રીતે કરવામાં આવે છે તેના જવાબમાં ૬૧ કોલેજોએ પરીક્ષા ફી શિષ્યવૃત્તિ સાથે પરત કરવામાં આવતી હોવાનું અને ૩ કોલેજોએ પરીક્ષા ફી પરત ન અપાતી હોવાનું જણાવ્યું હતું. બાકીનાએ જવાબ નહોતો આપ્યો.

વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ મેળવવામાં શું મુશ્કેલીઓ પડે છે એ જાણવું જરૂરી હતું તેટલું કોલેજોને શિષ્યવૃત્તિ મેળવવામાં શું મુશ્કેલીઓ પડે છે એ પણ જાણવું અમારા માટે જરૂરી હતું. ૩૯ (૩૮.૨૪%) કોલેજોએ જણાવ્યું હતું કે તેમને કોઇ મુશ્કેલીઓ પડતી નથી. જયારે ૩૩ (૩૨.૩૫%) જેટલી કોલેજોએ કોઇ જવાબ આપ્યો નહોતો. પાંચ પાંચ (૪.૯૦%) કોલેજોએ ઉચ્ચક રકમ અને છેલ્લો હપ્તો મોડો મળતો હોવાથી વિદ્યાર્થીઓને સમયસર ચૂકવવામાં મુશ્કેલી પડતી હોવાનું જણાવ્યું હતું. બાકી (૧૯.૬૧%)ની કોલેજોએ શિષ્યવૃત્તિની ચૂકવણીની મુશ્કેલી અંગે જુદાં જુદાં કારણો આપ્યાં હતાં. જેવાં કે વિદ્યાર્થીઓ વચ્ચેથી ચાલ્યા જાય છે તેથી રકમ વસુલ કરવામાં મુશ્કેલી પડે છે. શિષ્યવૃત્તિના ફોર્મની ત્રુટિઓની ચકાસણી કરવી કોલેજ માટે મુશ્કેલ હોય છે. વિદ્યાર્થીઓ જાતિ પ્રમાણપત્ર જલદી રજૂ કરતા નથી. મંજૂર થયેલ શિષ્યવૃત્તિની જાણ કોલેજને સમયસર થતી નથી. કોલેજમાં હિસાબખાતામાં સ્ટાફ ઓછો હોય છે. ઘણીવાર આદેશો ખોટા નીકળે છે તેથી બિલ પણ ખોટું બને છે. શિષ્યવૃત્તિ ચૂકવી દીધા પછી ખાતા તરફથી ચકાસણી થાય છે તેથી વસુલ કરવામાં મુશ્કેલી પડે છે. પૂરતી ચકાસણી વગર ઉચ્ચક રકમ મોકલવાથી રકમ અપાઇ જાય છે. વિદ્યાર્થીઓ રસીદ ખોઇ નાખે છે. ચૂકવણીની એક એવી શરત છે કે સામાન્ય પ્રગતિ, વર્તન, સંતોષકારક લાગે પછી જ ચૂકવણી કરવી. આ શરતોનો અમલ કરવા જતાં પણ કેટલીકવાર ચૂકવણી મોડી થાય છે. ઉપરનાં કારણોનો અભ્યાસ કરતાં લાગે છે કે કોલેજોને પણ શિષ્યવૃત્તિના વિતરણ અંગે પોતાની આગવી મુશ્કેલી છે. સમાજ કલ્યાણ ખાતું અને વિદ્યાર્થીઓ વચ્ચે કોલેજો કડીરૂપ છે. સમાજ કલ્યાણ ખાતાની કાર્યવાહીમાં જો ઢીલ થાય તો તેની અસર કોલેજો દ્વારા વિદ્યાર્થીને થયા વગર રહે નહીં. તેવી જ રીતે જો વિદ્યાર્થીઓ તેમની પાસેથી અપેક્ષિત માહિતી જો યોગ્ય સમયે કોલેજ કાર્યાલયને ન આપી શકે તો એ ઢીલ કોલેજ દ્વારા જ સમાજ કલ્યાણ ખાતાની કાર્યવાહીમાં વિક્ષેપરૂપ બને. શિષ્યવૃત્તિની વિતરણ પદ્ધતિ કઇ રીતે સરળ બને તે અંગે પણ અમે કોલેજોનાં સૂચનો માગ્યાં હતાં. ૩૮ કોલેજોએ તેનો કોઇ પ્રત્યુત્તર આપ્યો નહોતો, જયારે ૧૦ કોલેજોએ તેમનાં આ અંગે કોઇ સૂચનો ન હોવાનું જણાવેલ. ૧૦ કોલેજોએ સૂચવ્યું હતું કે સમાજ કલ્યાણ ખાતાએ પ્રતિસહી માટેનાં બિલો જલદી પાસ કરવાં જોઇએ. તેથી ચૂકવણી જલદી થઇ શકે. ૭ કોલેજોએ જણાવ્યું હતું કે સમાજ કલ્યાણ ખાતાએ શિષ્યવૃત્તિની પૂરી રકમ મોડામાં મોડી જાન્યુઆરી સુધીમાં વિદ્યાર્થીઓને મળી શકે એવી જોગવાઇ કરવી જોઇએ. ૬ કોલેજોએ શિષ્યવૃત્તિ આપવાની લાંબી વિધિ કાઢીને



કોલેજને સીધા ડ્રાફટથી પૈસા આપવાની વ્યવસ્થા કરવાનું સૂચવ્યું હતું. ૫ કોલેજોએ ઉચ્ચક રકમ ચૂકવ્યા બાદ જેટલી રકમ રહે તેટલી જ વિદ્યાર્થીના નામે ફાળવવાનું અને અન્ય ૫ કોલેજોએ વિદ્યાર્થી શિષ્યવૃત્તિને લાયક છે કે નહીં તેની જાણ કોલેજને ઉચ્ચક રકમની ચૂકવણી પહેલાં થઇ જવી જોઇએ જેથી કોલેજને વસુલ કરવામાં મુશ્કેલી ન પડે એમ જણાવ્યું હતું. ૪ કોલેજોએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવાની પદ્ધતિને બદલે સીધી સમાજ કલ્યાણ ખાતા પાસેથી તે મળવી જોઇએ એવું સૂચન કર્યું હતું. બીજાં પણ કેટલાંક સૂચનો કોલેજ તરફથી આવ્યાં હતાં જેવાં કે, વિદ્યાર્થીઓ અભ્યાસ વર્ષના અંતે ઘર જતા રહે પછી શિષ્યવૃત્તિ ન મોકલવી. પહેલા સત્રમાં અડધી શિષ્યવૃત્તિ મળવી જોઇએ. શિષ્યવૃત્તિ દર ત્રણ માસે મળવી જોઇએ. શિષ્યવૃત્તિમાંથી ટયુશન ફી સીધી સંસ્થાને ચૂકવવી જોઇએ. જ્ઞાતિનાં પ્રમાણપત્ર વિદ્યાર્થીને સહેલાઇથી મળે એવી યોજના કરવી જોઇએ. આદેશો ઓછી ભૂલવાળા હોવા જોઇએ. અરજીપત્રકોની ચકાસણી માટે સમાજ કલ્યાણ ખાતાએ કોલેજમાંથી પ્રતિનિધિઓ બોલાવવા જોઇએ. પાછલા કેસોનો જલદી નિકાલ કરવો જોઇએ. ઉઠી ગયેલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની વિધિ ઘણી લાંબી હોય છે તેમાં સરળતા કરવી જોઇએ. અભ્યાસ પ્રવાસ માટે આચાર્યનું પ્રમાણપત્ર યોગ્ય ગણી વિદ્યાર્થીને અગાઉથી ખર્ચ આપવો જોઇએ. સમાજ કલ્યાણ ખાતાના અધિકારીએ કોલેજમાં જઇ ફોર્મની ચકાસણી કરવી જોઇએ. વિદ્યાર્થીને ફોર્મ વહેલાં મોકલવાં જોઇએ. ફોર્મમાં આવકના દાખલા તથા અન્ય માહિતી પ્રમાણિત કરતાં ખૂબ મુશ્કેલી પડે છે તેથી સરળ બનાવવું જોઇએ. તિજોરી અધિકારીને બિલની રકમ ચૂકવી આપવાની સત્તા હોવી જોઇએ. આદિવાસી, હરિજન અને અન્ય પછાતવર્ગના વિદ્યાર્થીના આદેશો સાથે આપવા જોઇએ. વિદ્યાર્થીને દર માસે શિષ્યવૃત્તિ આપવી જોઇએ.

વિદ્યાર્થીઓ સાથે જેમ રૂબરૂ મુલાકાત લીધી હતી તેમ કોલેજોને પણ પ્રશ્નાવલીઓમોકલાવી તે ઉપરાંત અમે કેટલીક કોલેજો જેવી કે દક્ષિણ ગુજરાતમાં વ્યારાની કોલેજો, ઉત્તર ગુજરાતમાં મોડાસાની કોલેજોના આચાર્યોની રૂબરૂ મુલાકાત લીધી હતી. શિષ્યવૃત્તિના વિતરણમાં કોલેજો અગત્યનો ભાગ ભજવે છે તેથી તેમની પોતાની મુશ્કેલીઓ અંગે અમે કોલેજના આચાર્યો સાથે મૌખિક ચર્ચા કરી હતી.

અમારી ચર્ચામાંથી એ ચોક્કસ ફલિત થતું હતું કે શિષ્યવૃત્તિના વિતરણમાં ઢીલ જરૂર થાય છે પણ એમાં આચાર્યના કહેવા પ્રમાણે માત્ર કોલેજો જવાબદાર નથી હોતી. સમાજ કલ્યાણ ખાતા તરફથી પણ ઢીલ થતી હોય છે. વિતરણની પદ્ધતિ જ એવી રીતે ગોઠવાઇ ગઇ છે કે

એમાં વિદ્યાર્થીઓ, સમાજ કલ્યાણ ખાતા અને કૉલેજની વચ્ચે દડાની જેમ અથડાયા કરે છે. દા.ત. આદેશો જૂન માસમાં આપવામાં આવે છે તે વખતે કૉલેજોને પોતાને જ નવા વિદ્યાર્થીઓ દાખલ કરવાનો કામનો ઘણો બોજો હોય છે. જ્યાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનું પ્રમાણ વધારે હોય ત્યાં સમાજ કલ્યાણ ખાતા તરફથી અધિકારીઓએ ૩ થી ૪ દિવસનો સમય લઇને જાતે કેંદ્ર પર આવી અરજીપત્રકની ચકાસણી કરવી જોઇએ. જેથી અરજીપત્રકમાં ક્ષતિઓનો ત્યાંનો ત્યાં નિકાલ થાય. જે પ્રમાણે એસ.ટી. તરફથી બસના કન્શેશન માટે પાસ આપવા માટે કૉલેજમાં ખાસ બારી ખોલે છે તેમ જ્યાં અનુસૂચિત જાતિ જનજાતિઓના વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારે હોય ત્યાં સમાજ કલ્યાણ ખાતા તરફથી આવી અલાયદી વ્યવસ્થા થવી જોઇએ. જેથી નજીવી ક્ષતિઓ માટે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ રોકાઇ ન જાય. અથવા તો જ્યાં આવા વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારે હોય ત્યાં શિષ્યવૃત્તિના વિતરણના કાર્ય માટે અમુક ટકા વધારાનો ખર્ચ આપવો જોઇએ જેથી કૉલેજના ચાલુ કર્મચારીઓ ઉપર વધારાનો બોજો ન પડે.

વળી કેટલીકવાર તો સમાજ કલ્યાણ ખાતા તરફથી પૂરતાં અરજીપત્રકો પણ કૉલેજોને નથી મોકલાતાં. દા.ત. વિદ્યાર્થીઓ ૬૦૦ હોય તો ૪૦૦ જ અરજીપત્રકો મોકલાવ્યાં હોય અને પછી સમાજ કલ્યાણ ખાતા તરફથી સૂચના આવે કે વિદ્યાર્થીઓ પાસે ફોર્મની નકલ કરાવી લેજો. ફોર્મની નકલ કરાવવામાં પણ સમય જાય અને કેટલીકવાર તો ઘણી ભૂલો થાય એટલે ચકાસણી કરતાં આવાં પત્રકો પાછાં મોકલાય. એના કરતાં સમાજ કલ્યાણ ખાતા તરફથી પહેલેથી જ જરૂર કરતાં ફોર્મની નકલો વધારે મોકલી આપવી જોઇએ.

નવા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની ઉચ્ચક રકમ ગયા વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા ઉપર આધારિત છે. દરેક વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા એટલી વધે છે કે આ ઉચ્ચક રકમ નવા વિદ્યાર્થીઓને માટે અપૂરતી થઇ પડે છે. જો કે એક કિસ્સો એવો પણ અમારા ધ્યાન પર લાવવામાં આવેલો કે એક વર્ષે નવા વિદ્યાર્થીઓની સંખ્યા એટલી ઓછી હતી કે ગયા વર્ષ ઉપર આધારિત એવી ઉચ્ચક રકમ શિષ્યવૃત્તિના દર કરતાં પણ વધારે હતી. તેથી પાછળથી કૉલેજોને વસુલ કરવામાં ઘણી મુશ્કેલી થઇ હતી. આ દાખલો જો કે અપવાદરૂપ ગણાય પણ મોટે ભાગે તો ઉચ્ચક રકમ ઘણી ઓછી પડે છે. કારણ કે વિદ્યાર્થીઓને સત્રની શરૂઆતમાં ઘણો ખર્ચ કરવો પડતો હોય છે અને આ ઉચ્ચક રકમ ખર્ચને પહોંચી વળતી નથી.



શિષ્યવૃત્તિના દરની બાબત ચર્ચા કરતાં એક મંતવ્ય અમારી સમક્ષ એવું રજૂ કરવામાં આવ્યું હતું કે બધા જ આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના વૈજ્ઞાનિક નથી. શિષ્યવૃત્તિ મેળવતા વિદ્યાર્થીઓમાંથી ૪૦% જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેવા માટે નહીં પણ સરકાર નિભાવખર્ચ આપે છે તેથી ભણવા આવે છે. તેથી અભ્યાસ પ્રત્યે તેમનું ધ્યાન હોતું નથી. માબાપ પણ ખાસ કાળજી રાખતાં નથી. આવા વિદ્યાર્થીઓ જો ભણવા ન જાય અને વધારામાં નોકરી ન મળે તો પછી ઘરે રહે તે કરતાં કૉલેજમાં ભણવા જાય તો એક જણનો નિભાવખર્ચ તો મળી રહે એવો હેતુ કેટલીકવાર માબાપ રાખતાં હોય છે. તેથી સરકાર તરફથી શિષ્યવૃત્તિ લેનાર વિદ્યાર્થીઓમાંથી દરેક વર્ષે કેટલા અભ્યાસ છોડી દે છે એની તપાસ થતી રહેવી જોઇએ. બીજું એક એવું સૂચન આવ્યું હતું કે શિષ્યવૃત્તિને માટે અમુક ધોરણ રાખવાં જોઇએ. આદિવાસી વિદ્યાર્થી માટે પ્રવેશ પરીક્ષા રાખવી જોઇએ. ઉપરછલ્લી રીતે જોતાં આવી ખાસ પરીક્ષા વિરોધાભાસ ઊભો કરે. બિનપછાત વિદ્યાર્થીઓ પોતાને ખર્ચે ભણે છે તેથી આવા વિદ્યાર્થીઓ ધારો કે અભ્યાસ બરાબર ન કરતા હોય તો પોતાના જ પૈસા વ્યય કરતા હોય છે પણ જે વિદ્યાર્થીઓ સરકારના ખર્ચે ભણવા માગે છે તેમની લાયકાત તો પહેલાં નક્કી કરવી જોઇએ. એક વખત પ્રવેશ પરીક્ષામાંથી પસાર થયા ત્યારે તેમને કૉલેજમાં દાખલ કર્યા પછી શિષ્યવૃત્તિનો દર વધારી દેવો જોઇએ. આવા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનો ગેર ઉપયોગ કરે એવી શકયતા ઓછી છે. જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ નથી મળતી એવા કેટલાક વિદ્યાર્થીઓ પણ ગરીબી રેખાની નીચે હોય છે પણ તેમને નિભાવખર્ચ નથી મળતો તેથી આવા વિદ્યાર્થીઓને પછાતવર્ગના વિદ્યાર્થીઓ પ્રત્યે એક જાતનું વૈમનસ્ય બંધાઇ જાય છે. એક એ સાચી હકીકત છે કે કહેવાતો સવર્ણ વર્ગ આદિવાસીઓનું શોષણ કરતો આવ્યો છે. એમના અસ્તિત્વનો પણ વિચાર નથી કર્યો તેથી તેમના ઉત્થાન માટે ખૂબ નિષ્ઠાપૂર્વક પગલાં લેવાવાં જોઇએ પણ સાથે સાથે તેમને એટલી હદ મદદ ન કરવી જોઇએ કે તેઓ પંગુ બની જાય. લાયકાતના કોઇ ધોરણ વગર બધા જ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના તેથી જ અવૈજ્ઞાનિક છે. એમ આ મોજણીમાં ઉત્તર ગુજરાતની કૉલેજના એક આચાર્યશ્રીએ જણાવ્યું હતું. વળી વધુમાં તેમણે જણાવેલું કે અમારે ત્યાં ૪૦% જેટલા વિદ્યાર્થીઓ અધવચ્ચેથી ઊઠી જાય છે. ૪૦% જેટલા વિદ્યાર્થીઓ અધવચ્ચેથી ઊઠી જતાં હોય તો તે કૉલેજ માટે નુકસાનકારક થઇ પડે છે. સવર્ણ વિદ્યાર્થી ફી આપીને ભણે છે જ્યારે આદિવાસી વિદ્યાર્થી ફી ભરતો નથી. કેટલીકવાર સરકાર સમયસર ઉચ્ચક રકમ

તેમજ શિષ્યવૃત્તિની રકમ ચૂકવતી નથી તેથી પછાતવર્ગના વિદ્યાર્થી જો અડધેથી ઊઠી જાય તો સરકાર તેની ઓછામાં ઓછી એક સત્રની ફી ભરવાની જવાબદારી લેવી જોઇએ. કારણ જો એ વિદ્યાર્થીને પ્રવેશ ન આપ્યો હોત અને બીજા બિન પછાતવર્ગના વિદ્યાર્થીને પ્રવેશ આપ્યો હોત તો કોલેજને એની ફી દ્વારા આવક થાત. જો સરકાર આવી જવાબદારી ન લે અને ૪૦% જેટલા વિદ્યાર્થીઓ અધવચ્ચેથી ઊઠી જાય તો કોલેજને ઘણી ખોટ જાય.

શિષ્યવૃત્તિના કેટલાક નિયમો અંગે ચર્ચા કરતાં અમને લાગ્યુ કે મોટા ભાગે બે જ બાળકોને શિષ્યવૃત્તિ મળે એ નિયમ સાથે મોટા ભાગના આચાર્યો સંમત થયા નહોતા. એમના કહેવા મુજબ આ નિયમ આજથી ૨૦ વર્ષ પહેલાં જન્મેલા બાળકોને કેવી રીતે લાગુ પાડી શકાય.? કેટલાક આચાર્યોના મત પ્રમાણે આવક મર્યાદાનો નિયમ કાગળ ઉપર સારો લાગે છે કારણ ભલે માત્ર પાંચ ટકા જ વિદ્યાર્થીઓ કોઇક સારી આર્થિક સ્થિતિના સ્તરમાંથી આવતા હોય તો એમણે પોતાનો બોજો સરકાર ઉપર ન નાખવો જોઇએ. પણ આવક મર્યાદાના નિયમના અમલ અંગે ઘણી મુશ્કેલી છે. આદિવાસીઓને પોતાની આવક વિષે ખાસ કોઇ માહિતી હોતી નથી. તેઓ કેટલીકવાર સાચી માહિતી આપી શકતા નથી અને તેથી આ સંજોગોમાં આવક મર્યાદાના નિયમનો કોઇ હેતુ સિધ્ધ થતો નથી. સરકાર તરફથી શિષ્યવૃત્તિના વિતરણમાં જેમ બને તેમ ઓછી ઢીલ થાય તો કોલેજો પોતે સંપૂર્ણ સહકાર આપે એવી તૈયારી અમને જણાઇ હતી. સરકાર તરફથી ખોટી ઢીલ કેવી રીતે થાય છે એના દાખલા માટે અમારી સમક્ષ બી.એડ.ના પ્રવેશની વિગત રજૂ કરવામાં આવેલી. બી.એડ.ના પ્રવેશ મોટે ભાગે એપ્રિલ માસમાં નક્કી થાય છે. તેથી આદેશ તેમને વહેલો મળી જવો જોઇએ જેથી ચૂકવણી જૂન માસમાં જ પૂરી થાય પણ હકીકતમાં આમ થતું નથી. બી.એડ.ની કોલેજોને પણ બધી જ કોલેજોની જેમ આદેશ છેક જૂન માસમાં મળે છે.

શિષ્યવૃત્તિની રકમનો ગેરઉપયોગ કોલેજો કરે છે કે નહીં એવા અમારા પ્રશ્નના જવાબમાં આવી શકયતાને સાવ નકારી કાઢવામાં આવી ન હતી. પણ એના બચાવમાં એમ કહેવામાં આવ્યું હતું કે '' આવું થવાનું કારણ સરકારની શિક્ષણ પ્રત્યેની વિરોધાભાષી નીતિ છે. યુનિવર્સિટીએ નિયમ કર્યા છે કે કોઇ આચાર્યને કાઢી ન મૂકાય. બીજી બાજુ સરકાર ગ્રાન્ટ આપવામાં ખૂબ કડક છે. કોલેજોને જે દાનની રકમ મળે છે તે મોટે ભાગે સ્થાવર અસ્કયામતો માટે હોય છે. પણ ચાલુ ખર્ચ માટે કોલેજ હમેશાં ભીડમાં રહેતી હોય છે. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કોલેજ પોતાનો કર્મચારીગણ પણ ઓછો કરી શકતી નથી. આવા સંજોગોમાં સરકાર જો ગ્રાન્ટ ન આપે તો સ્કોલોરશીપ માટેની રકમ પગાર ચૂકવવામાં વપરાય એવી પૂરી શકયતા છે. આવા સંજોગોને હલ કરવા માટે પહેલેથી જ યોગ્ય પગલાં લેવાં જોઇએ. ''

## પ્રકરણ : ૪

### શિષ્યવૃત્તિ અને સમાજ કલ્યાણ ખાતું

સમાજ કલ્યાણ ખાતાના નિયામક ઉચ્ચ શિક્ષણની શિષ્યવૃત્તિના મુખ્ય સૂત્રધારરૂપ હોય છે. આખીય યોજનાના અમલીકરણની સત્તા સમાજ કલ્યાણ ખાતાના નિયામક પાસે છે. નિયામક, જિલ્લા સ્તર પરના સમાજ કલ્યાણ અધિકારી દ્વારા કોલેજો અને વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર કરે છે. શિષ્યવૃત્તિની યોજનાના અમલમાં સમાજ કલ્યાણ ખાતાને કઇ જાતની મુશ્કેલી છે એ જો જાણી શકાય તો શિષ્યવૃત્તિની યોજનામાં મુશ્કેલીરૂપ બાબતોનો નિકાલ આવી શકે. તેથી દરેક દરેક જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીઓ તેમજ નિયામકશ્રીની કચેરીમાંના કેટલાક સંબંધિત અધિકારીઓને તેમની કાર્યવાહીને લગતી પ્રશ્નાવલી અમે મોકલી હતી. (જુઓ પરિશિષ્ટ-૩) વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૨ સમાજ કલ્યાણ અધિકારીઓને મોકલેલી પ્રશ્નાવલીમાંથી ચાર સ્મૃતિપત્રોના અંતે ૧૪ જેટલા જવાબો આપ્યા હતા. જે તે પ્રશ્નની કુલ ઉત્તરદાતા સંખ્યા પરથી કરેલી સારવણી નીચે પ્રમાણે છે.

આ શિષ્યવૃત્તિના સંદર્ભમાં પ્રશ્નાવલીનો પ્રથમ પ્રશ્ન સમાજ કલ્યાણ ખાતાના નિયામક અને સમાજ કલ્યાણ અધિકારી વચ્ચેની કાર્યવાહી અંગે હતો. ૩૫.૭૧%એ એમ જણાવ્યું હતું કે અત્યારની કાર્યવાહી બરાબર છે, અને આ અંગે કોઇ ફેરફાર જરૂરી નથી. ૨૧.૪૩% જેટલા અધિકારીઓએ આનો જવાબ આપ્યો નહોતો. ૧૪.૨૯% જેટલા અધિકારીઓને કાર્યવાહીમાં ફેરફાર જરૂરી લાગ્યો હતો પણ શો ફેરફાર કરવા માગે છે તે તેઓ સૂચવી શકયા ન હતા. ૭.૧૪% અધિકારીઓએ જણાવ્યું હતું કે સમાજ કલ્યાણ અધિકારીને પૂરતી માહિતી આપી મદદમાં લેવા જોઇએ. ૭.૧૪%એ જણાવ્યું હતું કે આખીયે યોજનાનો અમલ રાજ્ય કક્ષાએ નહીં પણ જિલ્લા કક્ષાએ થવો જોઇએ. ૧૪.૨૯%એ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના અરજીપત્રકો બારોબાર નિયામકશ્રીની ઓફિસમાં ન જવાં જોઇએ. સમાજ કલ્યાણ અધિકારી અને નિયામકશ્રી વચ્ચેની કાર્યવાહી અંગે જે જવાબો આવ્યા છે એમાં મુખ્ય સૂર એ નીકળે છે કે સમાજ કલ્યાણ અધિકારીને દૂર રાખી સમાજ કલ્યાણ ખાતું સીધા કોલેજ અને વિદ્યાર્થીઓ સાથે શિષ્યવૃત્તિ અંગેની કાર્યવાહી ચલાવે છે. સમાજ કલ્યાણ અધિકારીઓને આ અંગે પણ અસંતોષ લાગે છે.

સમાજ કલ્યાણ અધિકારી અને કોલેજની કાર્યવાહી વચ્ચે શો ફેરફાર જરૂરી છે એમાં આ પ્રમાણેના જવાબો આપ્યા હતા. ૨૧.૪૩%એ ફેરફાર જરૂરી છે પણ કયા એ લખ્યું નથી. ૭.૧૪% સમાજ કલ્યાણ અધિકારીઓએ જણાવ્યું હતું કે ચકાસણી માટે કોલેજમાં જાય ત્યાર

મદદનિશ કારકૂનને પૈસા આપવા જોઇએ. તેટલી જ સંખ્યામાંના સમાજ કલ્યાણ અધિકારીઓએ કોલેજોએ જિલ્લા પંચાયત મારફત પૈસા મેળવવા જોઇએ એમ જણાવ્યું હતું. ૧૪.૨૯% સમાજ કલ્યાણ અધિકારીઓએ, કોલેજોએ અરજીપત્રકની માહિતી સમાજ કલ્યાણ ખાતાને આપવી જોઇએ એમ જણાવ્યું હતું. ૨૧.૪૩% સમાજ કલ્યાણ અધિકારીઓએ, સમાજ કલ્યાણ અધિકારીને કોલેજોમાં ચોપડા જોવાનો અધિકારી આપવો જોઇએ એમ જણાવેલું. જયારે ૭.૧૪% સમાજ કલ્યાણ અધિકારીઓએ આ યોજનાનો અમલ પોતાના હાથમાં કયાં લઇએ એમ જણાવ્યું હતું. આ જવાબોમાં પણ મુખ્ય તારવણી એ નીકળે છે કે જિલ્લા કક્ષાએ સમાજ કલ્યાણ અધિકારીએ શિષ્યવૃત્તિ અંગે વધુ સક્રિય ભાગ ભજવવો જોઇએ એવું મોટા ભાગના સમાજ કલ્યાણ અધિકારીઓનું મંતવ્ય હતું.

સમાજ કલ્યાણ ખાતાના નિયામક અને કોલેજ વચ્ચેની કાર્યવાહીમાં શું ફેરફાર જરૂરી છે એવા સવાલના પ્રત્યુત્તરો નીચે પ્રમાણે હતા.

૧૪.૨૯% અધિકારીઓએ કોઇ ફેરફાર ન કરવાનું જણાવ્યું હતું. ૫૭.૧૫%એ કોઇ જવાબ આપ્યો નહોતો. ૭.૧૪% અધિકારીઓએ ફેરફાર જરૂરી હોવાનું જણાવ્યું હતું પણ શો ફેરફાર જરૂરી છે એ જણાવ્યું નહોતું. ૭.૧૪ અધિકારીઓએ વિદ્યાર્થીઓ અને નિયામકશ્રી વચ્ચે સીધો સંપર્ક જરૂરી હોવાનું, ૭.૧૪%એ નિયામકશ્રીની કચેરી પરથી આ અંગેનો બોજો હળવો કરવાનું, અને ૭.૧૪%એ નિયામકશ્રીએ કોલેજના શિષ્યવૃત્તિ વિષયક વહીવટની બારોબાર તકેદારી રાખવાનું જણાવ્યું હતું.

નિયામકશ્રીની કચેરીની શિષ્યવૃત્તિ અંગે જ કાર્યવાહી કરવાની હોય એમાં કોઇ ફેરફાર જરૂરી ખરો એવા પ્રશ્નના જવાબમાં ૧૩.૩૩% અધિકારીઓએ કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું જયારે ૪૬.૬૬% અધિકારીઓએ કોઇ જવાબ આપ્યો નહોતો. ૬.૬૭%એ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. જયારે એટલી જ સંખ્યામાંના બીજા અધિકારીઓએ શિષ્યવૃત્તિના મંજૂરી ઓર્ડર તેમજ ડ્રાફટ નિયામકશ્રીએ નહીં પણ જિલ્લા કચેરીએથી બારોબાર વિદ્યાર્થીઓને મળે એવું કરવાનું, શિષ્યવૃત્તિનાં બિલો પ્રતિહસ્તાક્ષર માટે નિયામકશ્રીના બદલે સમાજ કલ્યાણ અધિકારીને મોકલવાનું, નિયામકશ્રીના કામનું વિકેન્દ્રિકરણ કરવાનું, ગુજરાત બહારના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ પુરતું જ નિયામકશ્રીએ માથું મારવું જોઇએ, વગેરે સૂચનો કર્યા હતાં.

સમાજ કલ્યાણ અધિકારીઓ પોતાની કાર્યવાહી અંગે શું ફેરફાર સૂચવે છે એના જવાબો આ પ્રમાણે હતા. ૩૫.૭૧%એ કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. જયારે ૨૭.૪૩%એ



કોઇ જવાબ આપ્યો નહોતો. ૭.૧૪%એ ફેરફાર જરૂરી હોવાનું જણાવ્યું હતું પરંતુ કયો ફેરફાર જરૂરી છે એ લખ્યું નહોતું. ૨૧.૪૩% સમાજ કલ્યાણ અધિકારીઓએ શિષ્યવૃત્તિ સીધી, સરળ રીતે અને જલદીથી વહેંચાય તે માટે કર્મચારીગણ વધારી આપવો જોઇએ એવું સૂચન કર્યું હતું. ૭.૧૪% સમાજ કલ્યાણ અધિકારીઓએ વિદ્યાર્થીઓ દ્વારા થતો બાંહેધરીપત્રનો ગેરઉપયોગ અટકાવવો જોઇએ એમ જણાવ્યું હતું.

કોલેજની કાર્યવાહી અંગે સમાજ કલ્યાણ અધિકારીઓ શું મંતવ્યો ધરાવે છે તે પ્રશ્નના જવાબમાં નીચે પ્રમાણે પ્રત્યુત્તર આવ્યા હતા. ૧૩.૩૩%એ કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. જયારે ૨૦% અધિકારીઓએ જવાબ આપ્યો નહોતો. ૧૩.૩૩% અધિકારીઓએ સરકાર તરફથી કોલેજની ચૂકવણીની અંતિમ તારીખ આપવી જોઇએ એમ જણાવેલું. આ ઉપરાંત સમાન સંખ્યામાં આ સંદર્ભમાં નીચેનાં સૂચનો સમાજ કલ્યાણ અધિકારીઓ તરફથી કરવામાં આવ્યાં હતાં.

(૧) બીજા વર્ષનો એડવાન્સ હપ્તો ચૂકવાય તે પહેલાં કોલેજે આગલા વર્ષની શિષ્યવૃત્તિની રકમની ચૂકવણીનું પ્રમાણપત્ર આપવું જોઇએ.

(૨) શિષ્યવૃત્તિના વિતરણનું કામ નિયમિત રીતે થઇ શકે એ માટે કોલેજોને અમુક ટકા વહીવટી ગ્રાન્ટ આપવી જોઇએ. સમાજ કલ્યાણ અધિકારીઓને પૂરેપૂરી માહિતી આપ્યા પછી કોલેજોએ વિતરણકાર્ય શરૂ કરવું જોઇએ.

(૩) આ કામ માટે કોલેજમાં સંપર્ક અધિકારી (Liaison Officer)ની નિમણૂક કરવી જોઇએ.

(૪) શિષ્યવૃત્તિ મંજૂર થયેલ વિદ્યાર્થીઓની યાદી નોટિશબોર્ડ ઉપર [illegible]વી જોઇએ.

(૫) શિષ્યવૃત્તિની બેન્ક દ્વારા ચૂકવણી થવી જોઇએ.

(૬) કોલેજની કામગીરીની તપાસ માટે ખાસ કર્મચારી નીમવો જોઇએ.

સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રી, સમાજ કલ્યાણ અધિકારી અને કોલેજની શિષ્યવૃત્તિ અંગેની કાર્યવાહી માટે આવેલાં સૂચનો તપાસીએ તો ઉપરના બંનેની સરખામણીમાં કોલેજની કાર્યવાહી અંગે વધાર સૂચનો આવ્યાં હતાં. એના પરથી એવી તારવણી થઇ શકે કે શિષ્યવૃત્તિની વિતરણની કાર્યવાહીમાં કોલેજની કાર્યવાહી ઘણા સુધારા માગી લે છે એવું સમાજ કલ્યાણ અધિકારીઓનું માનવું હતું.

પ્રશ્નાવલીના પ્રથમ ભાગમાં સમાજ કલ્યાણ અધિકારીઓ પાસેથી સમગ્ર કાર્યવાહી અંગેની પૂછપરછ કરી હતી, જયારે ઉત્તરાર્ધમાં શિષ્યવૃત્તિનાં વિવિધ પાસાં જેવાં કે શિષ્યવૃત્તિની વિતરણ પધ્ધતિ, અરજીપત્રની ચકાસણી, શિષ્યવૃત્તિનું અરજીપત્રક, બાંહેધરીપત્રક, ઉચ્ચક રકમ, મજૂરી પધ્ધતિ, શિષ્યવૃત્તિનો દર, શિષ્યવૃત્તિનો હપ્તો વગેરે વિષે તેમનાં મંતવ્યો મંગાવ્યાં હતાં.

શિષ્યવૃત્તિના અરજીપત્રકમાં કોઇ ફેરફાર જરૂરી નથી એમ ૪૨.૮૬%એ જવાબ આપ્યો હતો. ૨૮.૫૦%નો કોઇ જવાબ નહોતો. ૭.૧૪%એ આર્થિક મર્યાદા કાઢી નાખવાનું સૂચન કર્યું હતું. ૭.૧૪%એ આદિવાસીઓનાં અરજીપત્રક, હરિજનો અને ભટકતી જાતિઓ કરતાં જુદા રંગમાં છાપવાનું સૂચન કર્યું હતું. ૧૪.૨૯%એ અરજીપત્રક ટૂંકાં અને સરળ બનાવવાં જોઇએ એવું સૂચન કર્યું હતું. બાંહેધરીપત્રકમાં ફેરફાર અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ૫૭.૧૪% અધિકારીઓએ કોઇ ફેરફાર જરૂરી નથી એમ જણાવ્યું હતું. ૨૮.૫૭%એ કોઇ જવાબ નહોતો આપ્યો. ૭.૧૪%એ આદિવાસી અને હરિજનોનાં બાંહેધરીપત્રક જુદાં જુદાં કાઢવાનું જણાવ્યું હતું. જયારે, ૭.૧૪%એ બાંહેધરીપત્રકને બદલે જાતિનું પ્રમાણપત્ર અને આવકનું પ્રમાણપત્ર માન્ય રાખવાં જોઇએ એવું સૂચન કર્યું હતું.

ઉચ્ચક રકમ અંગેના પ્રશ્નના સંદર્ભમાં ૨૧.૪૩%એ કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. જયારે ૧૪.૨૯%એ કોઇ જવાબ નહોતો આપ્યો. ૨૧.૪૩%એ ઉચ્ચક રકમ સત્રના પહેલા મહિનામાં આપવી જોઇએ અને ૧૪.૨૯%એ ઉચ્ચક રકમની ચૂકવણીનું બિલ પ્રતિહસ્તાક્ષર માટ સમાજ કલ્યાણ અધિકારીને મોકલવાનું સૂચન કર્યું હતું. ૨૧.૪૩% અધિકારીઓએ માસિક ચૂકવણી થવી જોઇએ એવું સૂચન કર્યું હતું. જયારે ૭.૧૪%એ ઉચ્ચક રકમની ચૂકવણી સત્વરે થવી જોઇએ અને હિસાબ બરાબર થવો જોઇએ એમ જણાવ્યું હતું. શિષ્યવૃત્તિ આપવાની પધ્ધતિમાં ફેરફારના સંદર્ભમાં ૨૩.૩૩%એ કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. ૩૩.૩૩%એ કોઇ જવાબ નહોતો આપ્યો. ૧૩.૩૩%એ વિભાગીય અધિકારીઓની કામગીરી ઝડપી બનાવવાનું અને મજૂરીના અધિકાર સમાજ કલ્યાણ અધિકારીઓને આપવાનું જણાવ્યું હતું. ૭.૧૪%એ આદેશો અને પ્રતિહસ્તાક્ષરોનાં કામ એક સાથે થવાં જોઇએ એવું સૂચન કર્યું હતું. શિષ્યવૃત્તિના હપ્તા અંગે ફેરફારના પ્રશ્નના જવાબમાં ૧૮.૭૫%એ કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. ૬.૨૫%એ કોઇ જવાબ આપ્યો નહોતો. ૩૭.૫૦%એ શિષ્યવૃત્તિની વહેંચણી બે હપ્તે થવી જોઇએ અને દરેક સત્રની શરૂઆતમાં અર્ધી શિષ્યવૃત્તિ વહેંચાવી જોઇએ એવું સૂચન કર્યું હતું.



આ શિષ્યવૃત્તિના દરમાં કોઇ ફેરફાર કરવો જોઇએ કે કેમ એવા પ્રશ્નના જવાબમાં ૨૯.૪૨%એ કોઇ ફેરફાર જરૂરી નથી એમ જણાવ્યું હતું. ૧૭.૬૫%એ મૌન સેવ્યું હતું. ૫.૮૮%એ શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓને નહીં આપતાં અભ્યાસનાં સાધનો લઇ આપવાં જોઇએ એમ જણાવ્યું હતું. ૧૧.૭૬%એ શિષ્યવૃત્તિ લેનાર વિદ્યાર્થીઓમાંથી ઉચ્ચ વર્ગ લાવનાર વિદ્યાર્થીઓને વધારાની શિષ્યવૃત્તિ આપવી જોઇએ. ૫.૮૮%એ અલગ રૂમ રાખી રહેતા વિદ્યાર્થીઓને છાત્રાલય ખર્ચ જેટલી જ શિષ્યવૃત્તિ મળવી જોઇએ એમ જણાવ્યું હતું. ૧૭.૬૫%એ મોંઘવારી પ્રમાણે દર વધારવાનું, ૫.૮૮%એઓપન મેરિટ સ્કોલરને પણ શિષ્યવૃત્તિ આપવાનું અને ૫.૮૮%એ નોકરિયાતને પણ શિષ્યવૃત્તિ મળવી જોઇએ એમ જણાવ્યું હતું. શિષ્યવૃત્તિના અરજીપત્રકની ચકાસણીમાંની પધ્ધતિમાં શો ફેરફાર કરવો જોઇએ એ અંગે પૂછેલા પ્રશ્નનો ૫.૨૬%એ કોઇ જવાબ નહોતો આપ્યો. જયારે ૧૫.૭૯% અધિકારીઓએ નીચેનાં સૂચનો કર્યાં હતાં.

(૧) સમાજ કલ્યાણ અધિકારીએ કોલેજની મુલાકાત લઇ ચકાસણી કરવી જોઇએ.

(૨) કોલેજે સમાજ કલ્યાણ ખાતાને પૂરી માહિતી લખવી જોઇએ.

(૩) સમયસર નાણાં ન વહેંચે એ કોલેજ સામે પગલાં લેવાં જોઇએ.

૧૦.૫૨% અધિકારીઓએ જિલ્લા કચેરીને સમયસર માહિતી મળવી જોઇએ, ૧૦.૫૨%એ ઓડિટ ઇન્સ્પેકટર દ્વારા વર્ષમાં બે વાર થવું જોઇએ તેમજ બેન્ક દ્વારા ચકાસણી થવી જોઇએ એવું સૂચન પણ કરેલ. ૫.૨૬% અધિકારીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે સમારંભ કરી નાણાં આપવાં જોઇએ, ૫.૨૬% અધિકારીઓએ શિષ્યવૃત્તિ વિતરણ હિસાબનિશને વિતરણ માટે પુરસ્કાર આપવો જોઇએ, ૧૦.૫૨% અધિકારીઓએ ઓડિટ ઇન્સ્પેકટર દ્વારા વર્ષમાં બે વાર ચેકીંગ થવું જોઇએ એવાં સૂચનો કર્યાં હતાં.

આ શિષ્યવૃત્તિની યોજનામાં કોઇ ફેરફાર કરવો જોઇએ કે કેમ એવા પ્રશ્નના જવાબમાં ૨૫% અધિકારીઓએ કોઇ ફેરફાર કરવાની જરૂર ન હોવાનું જણાવ્યું હતું. જયારે ૧૮.૭૫% અધિકારીઓએ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું હતું, ૧૮.૭૫% અધિકારીઓએ જવાબ નહોતો આપ્યો. ૧૨.૫૦%એ આવક મર્યાદા કાઢી નાખવાનું, ૬.૨૫%એ સંખ્યા મર્યાદા કાઢી નાખવાનું, ૩૧.૨૫%એ નોકરી કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનું અને ૬.૨૫%એ યોજનાનું વિકેન્દ્રિકરણ કરવા જણાવ્યું હતું.

એમ શિષ્યવૃત્તિના વિવિધ પાસાંના સંદર્ભમાં ચોકકસ સૂચનો મંગાવ્યાં હતાં. આ ઉપરાંત શિષ્યવૃત્તિની યોજના અંગે સમગ્ર રીતે પણ સૂચનો મંગાવેલાં. પણ લગભગ ૪૭.૩૬% અધિકારીઓએ કોઇ જવાબ નહીં આપેલો. જયારે ૧૦.૫૩% અધિકારીઓએ સમાજ કલ્યાણ અધિકારીને પૂરતો કર્મચારીગણ આપવાનું, શિષ્યવૃત્તિની ચૂકવણીની સત્તા આપવાનું, હપ્તા કોલેજને સમયસર મોકલવાનું અને સમયસર શિષ્યવૃત્તિની વહેંચણી માટે કોલેજ પર દબાણ લાવવા જણાવેલું. ૫.૨૬%એ ફોર્મની ચકાસણી ઝડપી બનાવવા માટે ગ્રાન્ટ જલદી આપવા જણાવેલું.

સમાજ કલ્યાણ અધિકારીઓને મોકલેલી પ્રશ્નાવલીના ઉત્તરો તપાસીએ તો મોટે ભાગે એ ફરિયાદ જોવા મળે છે કે આ આખીય યોજનામાં સમાજ કલ્યાણ અધિકારીઓની દેખીતી રીતે જ અવગણના કરવામાં આવે છે. નિયામકશ્રીના હાથમાં જ સત્તા રહેલી છે. શિષ્યવૃત્તિ આપવામાં ઢીલ થાય છે તેનું કારણ કદાચ આ સત્તાનું કેન્દ્રિકરણ પણ હોઇ શકે. જિલ્લા સ્તરના સમાજ કલ્યાણ અધિકારીને અમદાવાદમાં આવેલી સમાજ કલ્યાણ ખાતાની ઓફિસના અધિકારી કરતાં પોતાના જિલ્લાની કોલેજના વહીવટનો વધારે ખ્યાલ હોય. તેથી શિષ્યવૃત્તિમાં, અરજીપત્રકની ચકાસણીમાં અને શિષ્યવૃત્તિની ચૂકવણીમાં જો સમાજ કલ્યાણ અધિકારીને સત્તા આપવામાં આવે તો શિષ્યવૃત્તિ ચૂકવણીમાં વિલંબ ન થાય. આ જાતની ચર્ચા અમારે કેટલાક સમાજ કલ્યાણ અધિકારીઓ સાથે પણ થઇ હતી. કેટલાક કિસ્સાઓમાં સમાજ કલ્યાણ અધિકારીઓએ જાતે કોલેજની શિષ્યવૃત્તિની કાર્યવાહીની ચકાસણી કરવાની હોય છે. આમ તો જુદી જુદી કોલેજોની સમાજ કલ્યાણ અધિકારી મુલાકાત લે એવી તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે, પણ સાથે સાથે સમાજ કલ્યાણ અધિકારી ઉપર બીજી જવાબદારીઓ હોવાથી તેઓ બે દિવસથી વધારે કોઇપણ કોલેજ પર રોકાઇ ન શકે. એવો પણ નિયમ બનાવવામાં આવ્યો છે. તેથી બહુ ઓછા સમાજ કલ્યાણ અધિકારીઓ કોલેજની મુલાકાત લઇ શકે છે. કોલેજો શિષ્યવૃત્તિની ચૂકવણી કઇ રીતે કરે છે તેની કાર્યવાહીની તપાસ માટે જે પૂરતો કર્મચારીગણ હોવો જોઇએ તે પણ સરકાર તરફથી મળતો નથી.



સમાજ કલ્યાણ અધિકારીઓએ આપેલી મુલાકાતમાંની મૌખિક ચર્ચાઓમાંથી એમ ચોકકસપણે જણાતું હતું કે કોલેજોમાં આચાર્યની જાણ બહાર કારકૂનો વિદ્યાર્થીઓને કેટલીકવાર ઉડાઉ જવાબો આપે છે. કામને બહાને શિષ્યવૃત્તિની ચૂકવણીની બાબતમાં બેદરકારી બતાવે છે. ઘણીવાર વિદ્યાર્થીઓને બરાબર માર્ગદર્શન પણ ન આપે. ઉકલી શકે એવા પ્રશ્નો હોય પણ વિદ્યાર્થીઓને અમદાવાદ ધકકા ખવડાવે. અને આમાં માત્ર સમય વ્યય ઉપરાંત વિદ્યાર્થીના પૈસાનો પણ વ્યય થાય છે. આદિવાસીઓની નબળી આર્થિક સ્થિતિ ધ્યાનમાં લેતાં આવો ખર્ચ તેમના માબાપને બોજારૂપ બની રહે છે. એક સમાજ કલ્યાણ અધિકારીની ફરિયાદ એ હતી કે ભારત સરકારની શિષ્યવૃત્તિમાં કેટલીકવાર સ્થાનિક અર્થઘટન ઉપર કેટલોક આધાર રહે છે. દા.ત. આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને પહેલાં શિષ્યવૃત્તિ અપાતી હતી. છેલ્લા વર્ષથી આ બંધ કરવામાં આવી છે. અધવચ્ચે આ શિષ્યવૃત્તિ બંધ કરવાથી વિદ્યાર્થી કફોડી સ્થિતિમાં મૂકાઇ જાય છે. આઇ.ટી.આઇ.ના કેટલાક અભ્યાસક્રમો માટે પણ જોઇએ છે છતાં પોલીટેકનિકના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચાલુ રાખવામાં આવી છે અને આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ બંધ કરવામાં આવી છે. ખરી રીતે સરકાર આવા તાંત્રિક શિક્ષણને વધારે પ્રોત્સાહન આપવું જોઇએ. પણ રાજય સરકારે આ બાબત ઉપર નિર્ણય લીધો ન હોવાથી આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મૂકાઇ જાય છે. ચર્ચામાં એમ પણ જણાવ્યું હતું કે આવક મર્યાદા અને સંતાન મર્યાદાનો નિયમ ખૂબ અવ્યવહારૂ છે. કારણ કે તેમની પાસે બતાવેલી આવક સાચી છે કે નહીં તે નકકી કરવાનું ઘણીવાર મુશ્કેલ હોય છે. વળી આટલી સવલતો હોવા છતાં પણ પછાતવર્ગના ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ તો ખૂબ ઓછું હોય છે. એટલે એવું કોઇ પગલું ન ભરવું જોઇએ જેથી પછાતવર્ગના ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીની સંખ્યા ઘટે. વળી નોકરી અંગેનો નિયમ પણ કેટલેક અંશે બરાબર નથી. આદિવાસી સમાજમાં ઘણીવાર માબાપો પોતાનાં બાળકોને ભણતાં હોય ત્યારે પરણાવી દે છે. આવા વિદ્યાર્થીઓને કુટુંબની પણ જવાબદારી હોય છે. તે સંજોગોમાં નોકરી કરવી પડતી હોય છે. આવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ નામંજૂર થાય તો ઘણીવાર તકલીફ થાય છે. અને તેથી ઘણા લાયક વિદ્યાર્થીઓ પણ અભ્યાસ છોડી દે છે. જિલ્લા કક્ષાએ સમાજ કલ્યાણ અધિકારીની મુલાકાતમાં અમને જણાયું હતું કે ત્યાંના જે તે જિલ્લામાં રહેતા પછાતવર્ગના વિદ્યાર્થીઓ પ્રત્યે તેમને સહાનુભૂતિ હતી જયારે કોલેજોની શિષ્યવૃત્તિ વિતરણ પધ્ધતિ પ્રત્યે કાંઇક રોષ હતો. રાજય કક્ષાએ ચાલી રહેલ શિષ્યવૃત્તિ યોજનાની કાર્યવાહી પ્રત્યે પણ તેમનો અસંતોષ હતો.

અમે અમદાવાદમાં આવેલ નિયામકશ્રીની કચેરીની પણ મુલાકાત લીધી હતી. તેમના જણાવ્યા મુજબ શિષ્યવૃત્તિની ઢીલનાં મુખ્ય બે કારણો છે. (૧) કૉલેજો શિષ્યવૃત્તિની ચૂકવણી પ્રત્યે ઘણી બેદરકાર છે. (૨) વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના નિયમો અંગે અજાણ છે. તેથી સાચી માહિતી સમયસર લાવી શકતા નથી. અને તેથી ઢીલ થાય છે. કેટલીકવાર અરજીપત્રક નિયામકશ્રીની કચેરીએ મોકલવામાં ઢીલ થાય છે. મે કે જૂનમાં ખરી રીતે આદેશો આપી દેવાવા જોઇએ પણ કેટલીકવાર કૉલેજો પાછલા વર્ષનો હિસાબ સુપ્રત કરતી નથી, તેથી તેમને એવૉર્ડ પણ સમયસર મોકલી શકાતો નથી. આને કારણે વિદ્યાર્થીઓને ભોગવવું પડે છે. ઘણીવાર કૉલેજો વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લઇ લે છે પણ શિષ્યવૃત્તિનો છેલ્લો હપ્તો આવવાનો હોય છે ત્યારે પરીક્ષા ફી પાછી આપતી નથી. વિદ્યાર્થી પોતે નિયમોથી અજાણ હોય છે. અત્યાર સુધી તો સમાજ કલ્યાણ ખાતું શિષ્યવૃત્તિની સમયસર વહેંચણી માટે નિયમોના પાલનનો આગ્રહ રાખવામાં સફળ થઇ શક્યું નથી.

સમાજ કલ્યાણ ખાતું પોતે સીધી રીતે જ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમની વહેંચણી કરી શકે કે નહીં એ પ્રશ્નના જવાબમાં અમદાવાદ ખાતેના સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીએ આ શક્યતાને સાવ નકારી કાઢી હતી. તેમની દલીલ એવી હતી કે વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ છે કે નહીં એ કૉલેજ ચકાસી શકે, ખાતું નહીં. વળી પછાતવર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા એટલી બધી વધી ગઇ છે કે ખાતું આટલા બધા ચેક મોકલી શકે નહીં. તેમણે શિષ્યવૃત્તિની વહેંચણી માટે ઑડિટ અને નિરીક્ષક કર્મચારીગણ માટે અલગ દળ ઊભું કરવાની ભલામણ કરી હતી. હાલને તબક્કે શિષ્યવૃત્તિ અંગેની મુશ્કેલીઓ દૂર કરવા કૉલેજમાંથી જ એકાદ અધ્યાપકને આ શિષ્યવૃત્તિ અંગેના ખાસ જવાબદાર અધિકારી તરીકે નીમવાની યોજના વિચારાઇ રહી છે તે પણ આવકાર્ય છે.

પ્રકરણ : ૫

## ઉપસંહાર

પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટેની એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમ માટેની આ મૂલ્યાંકન મોજણીમાં આગલાં પ્રકરણમાં કરવામાં આવેલી ચર્ચા એમ સ્પષ્ટ રીતે નિશંકપણે પૂરવાર કરે છે કે પછાતવર્ગોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધારવામાં આ શિષ્યવૃત્તિ યોજના પછાતવર્ગને એક મહામૂલા આશીર્વાદ સમાન પૂરવાર થઇ છે. થોડા દાયકાઓ પહેલાંની તુલનામાં, પછાતવર્ગમાં વધેલું શિક્ષણનું પ્રમાણ આ શિષ્યવૃત્તિ યોજનાને લગભગ સર્વાંશે આભારી છે એમ કહીએ તો સમગ્ર રીતે આ વર્ગોની આર્થિક સ્થિતિ જોતાં, કદાચ અતિશયોક્તિ નહીં લેખાય. પછાતવર્ગોની આ શિષ્યવૃત્તિ યોજના એ મહામૂલો આશીર્વાદ હોવા છતાં જેમ આગળની કેટલીક તપાસોમાં (ડૉ. સિદ્ધરાજ સોલંકી, અતારીખીય, શ્રી બૂચ, ૧૯૭૦, ડૉ. વિમલ શાહ, ડૉ. તારા પટેલ ૧૯૭૭) બહાર આવ્યું છે તેમ આ મોજણી પણ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે આ યોજનાને અમલી બન્યે હરિજનોની બાબતમાં લગભગ ૩૦ વર્ષનો અને આદિવાસીઓ માટે અમલમાં આવ્યે ૨૫ વર્ષનો ગાળો વીત્યો હોવા છતાં અત્યારે પણ સંખ્યાબંધ જાતિઓ એવી છે કે જેમાં તપાસના વર્ષમાં એક પણ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લેતો નહોતો. જે જાતિઓ/જ્ઞાતિઓ શિક્ષણ મેળવતી હતી તેમાં પણ સંખ્યાબંધ જાતિઓ/જ્ઞાતિઓ એવી છે કે જેમાં માત્ર ગણ્યા ગાંઠ્યા જ વિદ્યાર્થીઓ હતા. વળી માત્ર ગણી ગાંઠી જાતિઓ/જ્ઞાતિઓમાંથી જ ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ બહોળું હતું. વળી આવી ગણી ગાંઠી જાતિઓમાં ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ, કુલ ઉચ્ચ શિક્ષણ લેનાર સંખ્યાની તુલનામાં જોઇએ તો નગણ્ય હતું. શૈક્ષણિક ક્ષેત્રે અન્ય સમાજોની સમકક્ષ લાવવાના ધ્યેયને દ્રષ્ટિ સમક્ષ રાખીને આ શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં મૂકાઇ છે ત્યારે, આ વિશિષ્ટ ક્ષેત્રે જ્યાં સુધી એ ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી, વર્તમાન સવલતમાં કોઇ પણ રીતે કાપ મૂકવાનો પ્રયત્ન પછાતવર્ગમાં શિક્ષણનું પ્રમાણ કેટલાક ક્ષેત્રોમાં ઘટવામાં પરિણમશે. અને તેટલે અંશે, આ નિશ્ચિત ધ્યેયથી દૂર જવાનું બનશે. અને તેટલો વધુ સમય સરકારે આ જવાબદારી ઉપાડવાનું આવશે. એટલે આ સંજોગોમાં, બે સંતાનોની મર્યાદા, નીચી આવક મર્યાદા વગેરે નિયંત્રણો હકીકતે આ તબક્કે જ્યાં સુધી આ જાતિઓ/જ્ઞાતિઓ, નિદાન, શિક્ષણના ક્ષેત્રે તો અન્ય સમાજની સમકક્ષ ન પહોંચે ત્યાં સુધી અમલી બનાવવાં ન જોઇએ. બીજી એક બાબત આ તપાસમાંથી એ પણ તરી આવે છે કે હકીકતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને સો ટકા જેટલો ખર્ચ આપવાનો સરકારનો આશય હોવા છતાં, વર્તમાન તબક્કે

મોંઘવારીને લીધે ખર્ચનું પ્રમાણ સવિશેષ હોવાથી, શિષ્યવૃત્તિ તેમના પૂરેપૂરા આવશ્યક ખર્ચને પહોંચી વળવા માટે મહદ્અંશે પૂરતી નહોતી એટલે તે રીતે શિષ્યવૃત્તિના દરમાં, વર્તમાન મોંઘવારીને લક્ષમાં રાખીને નિદાન આવશ્યક ખર્ચ તો તેમાંથી પૂરેપૂરો નીકળે જ તે રીતે ગોઠવવું જોઇએ.

સમાજ કલ્યાણ ખાતું, કોલેજ અને વિદ્યાર્થીઓ એ ત્રણ આ શિષ્યવૃત્તિનાં મહત્વનાં અંગ વચ્ચે અરસપરસ થતી આપલેનું વિગતવાર વિશ્લેષણ એમ સ્પષ્ટ રીતે દર્શાવી જાય છે કે અત્યાર વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ સમયસર નથી મળી શકતી. હકીકતે શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીના આવશ્યક ખર્ચના ઘણા મોટા ભાગને પહોંચી વળી શકે તેટલી મોટી હોવા છતાં પણ તે સમયસર ન મળી શકતી હોવાના એક માત્ર કારણને લીધે જ, આ વર્ગના ખરેખર ગરીબમાં ગરીબ વિદ્યાર્થી સુધી પહોંચી શકતી નથી. તદન ગરીબ વિદ્યાર્થી પણ તેના ગજા બહારનું હોય તેવું આર્થિક રોકાણ કર્યા સિવાય પણ ભણી જ શકે એવી સ્થિતિ આ શિષ્યવૃત્તિ આપવાની પધ્ધતિને લીધે જ ઊભી થઇ શકી નથી, અને પરિણામે પછાતવર્ગના સેંકડો-યા કદાચ હજારો વિદ્યાર્થીઓ,- આ અત્યંત ઉપયોગી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લઇને ઉચ્ચ શિક્ષણ મેળવવા સમર્થ બની શકતા નથી. અને તેને લીધે શૈક્ષણિક ક્ષેત્રે અન્ય સમાજોની સમકક્ષ પછાતવર્ગોમાં ગણાતી જ્ઞાતિઓ/જાતિઓને લાવવાનું ધ્યેય પાર પાડી શકાતું નથી. આ અહેવાલના વિશ્લેષણમાં બહુ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. તે પ્રમાણે, સમાજ કલ્યાણ ખાતું અને કોલેજો એ બંને, તેમના દ્વારા આ શિષ્યવૃત્તિ વિષયક વિવિધ વિધિઓમાં તેમણે લેવાનો સમયગાળો જો ઓછો કરી શકે તો-અને હકીકતે એ અશક્ય નથી જ-ચોક્કસ આ શિષ્યવૃત્તિ યોજના પાછળનું, અન્ય સમાજની સમકક્ષ, પછાતવર્ગને લાવવાનું ધ્યેય ધાર્યા કરતાં પણ ઓછા ગાળામાં સિધ્ધ થઇ શકે.

પટેલ/૧૭૪૭૮. ....



REFERENCES


1. Shri Buch, P.B. 1970 Evaluation study of scholarship to Backward class students. Ahmedabad: Directorate of Evaluation, Government of Gujarat.

2. Dr. Solanki, Siddharaj nd. Problems of College going Tribal students, Ahmedabad: Tribal Research and Training Institute, Gujarat Vidyapith.

3. Dr. Shah, V.P. and Dr. Patel, Tara 1977 Who goes to College ? Scheduled caste/tribe Post-matric scholars in Gujarat, Ahmedabad: Rachana Prakashan.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦૦૧૪

પરિશિષ્ટ - ૧

પ્રેષક :

ડૉ. સિધ્ધરાજ સોલંકી

શ્રીમતી કોકિલાબહેન શાહ

ભાઈશ્રી/ બહેનશ્રી,

ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ વિષયક યોજનાના મૂલ્યાંકન અંગેની એક યોજણી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી હાથ ધરવામાં આવી છે. તેના એક ભાગ રૂપે આદિવાસી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ વિષયક મુશ્કેલીઓ સમજવાન હેતુથી, કેટલાક પસંદ કરેલા આદિવાસી વિદ્યાર્થીઓને આ પ્રશ્નાવલી મોકલવામાં આવી છે, જેમાં આપનો પણ સમાવેશ થાય છે.

આપની પરીક્ષાઓ નજીકના ગાળામાં જ શરૂ થતી હોવાથી, અત્યારે આપ આપની વાર્ષિક પરીક્ષાઓની તૈયારીઓમાં પૂરેપૂરા વ્યસ્ત હશો પણ ૧૯૭૫-૭૬ના સમગ્ર વર્ષમાં શિષ્યવૃત્તિ વિવિધ તબક્કે ક્યારે મળી, તેમજ છાત્રાલય ખર્ચ વગેરેનું સરેરાશ પ્રમાણ શું હતું તેનો ખ્યાલ મેળવવો આવશ્યક હોવાથી આ તબક્કે આ પ્રશ્નાવલી આપને મોકલવાની અમને ફરજ પડી છે. પ્રશ્નાવલીની શરૂઆતમાંનાં સૂચનો ધ્યાનપૂર્વક વાંચી જઈને આ પ્રશ્નાવલી ભરીને વળતી ટપાલે જ ટિકીટ સાથેના કેન્દ્રના સરનામાવાળા કવરમાં મોકલી આપવા વિનંતી છે. આપનો પ્રત્યુત્તર આદિવાસી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ વિષયક મુશ્કેલીઓ સમજવામાં અમને ખૂબ જ મદદરૂપ થશે. આશા છે કે આપ, આ અંગેની સંપૂર્ણ માહિતી આપી અમારા સંશોધન કાર્યમાં સહાયરૂપ થશો.

આભાર.

સિધ્ધરાજ સોલંકી
કોકિલાબહેન શાહ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

આદિવાસી વિદ્યાર્થીઓ માટેની એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટેની શિષ્યવૃત્તિ યોજના-

એક મૂલ્યાંકન મોજણી.

(વિદ્યાર્થીઓ માટેનું મોજણીપત્રક).

(૧) જયાં તારીખનો નિર્દેશ કરવાનો હોય ત્યાં ચોકકસ તારીખનો ખ્યાલ હોય તો તે દર્શાવવી. જો ન હોય તો અંદાજી ગાળો આપવો. દા.ત. અમુક મહિનાના અમુક અઠવાડિયામાં.

(૨) પ્રશ્ન નં. ૩નો જવાબ માત્ર નવા વિદ્યાર્થીઓએ (ફ્રેશ ફોર્મ ભરનારે) આપવાનો છે, જયારે નં. ૪નો જવાબ માત્ર જૂના વિદ્યાર્થીઓએ (રિન્યૂઅલનાં ફોર્મ ભરનારે) આપવાનો છે.

(૩) જવાબની બધી વિગતો ૧૯૭૫-૭૬ના વર્ષને ખ્યાલમાં રાખીને આપવાની છે.

વિદ્યાર્થીનું નામ :

વિદ્યાશાખા : અભ્યાસ :

કોલેજ : કોલેજનું શહેર :

(૧) તમારું ચાલુ વર્ષનું શિષ્યવૃત્તિનું ફોર્મ કયા પ્રકારનું છે ? નવું (ફ્રેશ) / જૂનું (રિન્યૂઅલ)
(જે લાગુ પડતું હોય તેની આગળ ✓ની નિશાની કરો)

(૨) શિષ્યવૃત્તિનું ફોર્મ ભરીને કોલેજને આપ્યા તારીખ :

(૩) જો તમે નવા વિદ્યાર્થી હો તો

(ક) શિષ્યવૃત્તિની જાણકારી કયારે મળી ?

(ખ) કોની પાસેથી ?

(ગ) શિષ્યવૃત્તિની રકમનો પહેલો હપ્તો કયારે મળ્યો ?

(ઘ) કેટલી રકમનો ?

(ચ) તમારી બંને સત્રની ફી કપાઇ કે એક જ સત્રની ?

(છ) છેલ્લો હપ્તો યા વચ્ચે જ હપ્તા મળ્યા હોય તે હપ્તા મળ્યાની તારીખ.



(૪) જો તમે જૂના વિદ્યાર્થી હો તો

(ક) કોલેજ તરફથી 'એડહોક પેમેન્ટ' (ઉચ્ચક રકમ) કયારે મળી ?

(ખ) 'એડહોક પેમેન્ટ'માં મળેલી રકમ.

(ગ) 'એડહોક પેમેન્ટ'માંથી એક સત્રની ફી કાપવામાં આવી હતી કે બે સત્રની ?

(ઘ) શિષ્યવૃત્તિનો છેલ્લો હપ્તો મળ્યા તારીખ.

(ચ) શિષ્યવૃત્તિના છેલ્લા હપ્તામાં મળેલી રકમ.

(૫) ચાલુ વર્ષ દરમ્યાન નીચેની બાબતોમાં થયેલું આપનું અંદાજી ખર્ચ :

(૧) ચોપડીઓ : (૫) મનોરંજન :

(૨) અભ્યાસને લગતાં સાધનો : (૬) અભ્યાસ પ્રવાસ :

(૩) કપડાં : (૭) કુલ :

(૪) ઇતર (વિગતો દર્શાવો)

(૬) જો આપ છાત્રાલયમાં રહેતા હો તો :

(ક) છાત્રાલયનું નામ :

(ખ) છાત્રાલયની સત્ર ફી :

(ગ) છાત્રાલયનું સરેરાશ માસિક ભોજનખર્ચ :

(ઘ) છાત્રાલયની અન્ય કોઇ ફી હોય તો તે :

(ચ) છાત્રાલયમાં શરૂઆતમાં પોતે જ સત્ર ફી ભરવી પડે છે કે શિષ્યવૃત્તિમાંથી કપાય છે ?

(છ) છાત્રાલયમાં ભોજનખર્ચ તમારે પોતે જ ભરવું પડે છે કે શિષ્યવૃત્તિ આવે ત્યારે તમારી ભરવાની કે કાપી લેવાની જોગવાઇ છે ?

(૭) શિષ્યવૃત્તિનો કોઇ નિયમ આદિવાસી વિદ્યાર્થીઓની પ્રગતિમાં અવરોધક હોય એવું આપને લાગે છે ખરું ?

જો હા તો કયો ?

(૮) શિષ્યવૃત્તિના દરમાં ઘટાડો કરવો જોઇએ ખરો ?
જો હા તો કેટલો અને શા માટે ?

(૯) શિષ્યવૃત્તિના દરમાં વધારો કરવો જોઇએ ખરો ?
જો હા તો કેટલો અને શા માટે ?

(૧૦) હરિજન વિદ્યાર્થીઓની જેમ આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાના ધોરણમાં વાલીની આવકની મર્યાદા મૂકાવી જોઇએ ખરી ?

શા માટે ?

(૧૧) શિષ્યવૃત્તિ આપવાના ધોરણમાં એક જ વ્યકિતનાં બે જ સંતાનોને શિષ્યવૃત્તિ મળે એવી મર્યાદા મૂકવામાં આવી છે.
આવી મર્યાદા ચાલુ રહેવી જોઇએ ખરી ?
શા માટે ?

(૧૨)(ક) શિષ્યવૃત્તિ આપને સમયસર મળે છે ખરી ?
(ખ) જો ન મળતી હોય તો આપની દ્રષ્ટિએ તેનાં શું કારણો હોઇ શકે ?
(ગ) શિષ્યવૃત્તિ સમયસર આપને મળે તે માટે આપનાં અન્ય કોઇ સૂચનો હોય તો તે જણાવો.

(૧૩) શિષ્યવૃત્તિની રકમ મેળવવામાં આપને જે મુશ્કેલીઓનો અનુભવ થયો હોય તેનો સંક્ષેપમાં ખ્યાલ આપો.

(૧૪)(ક) ચાલુ વર્ષે તમારી પાસેથી પરીક્ષા ફી લેવામાં આવી હતી ?
(ખ) જો લેવામાં આવી હોય તો શિષ્યવૃત્તિના છેલ્લા હપ્તા સાથે તે પરત મળી હતી ?

તારીખ : વિદ્યાર્થીની સહી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦ ૦૧૪

પરિશિષ્ટ- ૨

પ્રેષક :
ડૉ. સિદ્ધરાજ સોલંકી
શ્રીમતી કોકિલાબહેન શાહ
સંશોધકો

પ્રતિ
આચાર્યશ્રી,

ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ વિષયક યોજનાના મૂલ્યાંકન અંગેની એક મોજણી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી હાથ ધરવામાં આવી છે. તેના એક ભાગ રૂપે આ સાથે જોડેલ તપાસપત્રક આપની કોલેજ પર મોકલવામાં આવે છે. તે ભરીને શકય તેટલું વહેલું મોકલી આપવા વિનંતી છે. આપની કોલેજ તરફથી મળેલ પ્રત્યુત્તર આ યોજનાના મૂલ્યાંકનનાં કેટલાંક પાસાંની સાચી સમજ મેળવવામાં અમને ખૂબ જ ઉપયોગી થશે.

આપના વિશ્વાસુ

( સિદ્ધરાજ સોલંકી )

(કોકિલાબહેન શાહ )

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦૦૧૪

આદિવાસી વિદ્યાર્થીઓ માટેની એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટેની શિષ્યવૃત્તિ યોજના- એક મૂલ્યાંકન મોજણી.

## કોલેજ તપાસપત્રક

૧. ૧૯૭૫-૭૬ના વર્ષમાં પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની વિવિધ વિધિઓ ક્યારે થઇ ?

| | એડહોક પેમેન્ટ | છેલ્લો હપ્તો |
|---|---|---|
| (૧) સમાજ કલ્યાણ ખાતાએ આદેશ કાઢ્યા તારીખ | | |
| (૨) સમાજ કલ્યાણ ખાતાનો આદેશ આપની કોલેજને મળ્યા તારીખ | | |
| (૩) કોલેજે સમાજ કલ્યાણ ખાતાને બિલ મોકલાવ્યા તારીખ | | |
| (૪) સમાજ કલ્યાણ ખાતાએ બિલ પાસ કર્યા તારીખ | | |
| (૫) સમાજ કલ્યાણ ખાતાએ પાસ કરેલું બિલ કોલેજને મળ્યા તારીખ | | |
| (૬) કોલેજને મળ્યા પછી તેને સરકારી તિજોરીમાં દાખલ કર્યા તારીખ | | |
| (૭) સરકારી તિજોરીમાંથી કોલેજને ચેક મળ્યા તારીખ | | |
| (૮) બેન્કમાં કોલેજના નામે રકમ ફેરબદલી થયા તારીખ | | |
| (૯) વિદ્યાર્થીઓને ચૂકવણી કરવાની શરૂઆત કર્યા તારીખ | | |
| (૧૦) વિદ્યાર્થીઓને ચૂકવણી પૂરી થયાની તારીખ | | |
| (૧૧) સરકારશ્રીએ મંજૂર કરેલ રકમમાંથી વર્ષ આખર કોઇ રકમ બચત રહેલી ખરી ? જો હા તો કેટલી અને ક્યા કારણસર ? | | |
| (૧૨) બચત રહેલ રકમ સરકારી તિજોરીમાં પરત જમા કરાવ્યા તારીખ | | |



૨. કોલેજમાંથી શિષ્યવૃત્તિ મેળવનાર સંખ્યા :

| | નવા | જૂના (રિન્યુઅલ) | કુલ |
|---|---|---|---|
| આદિવાસી | | | |
| હરિજન | | | |
| વિચરતી જાતિ | | | |
| વિમુક્ત જાતિ | | | |
| કુલ | | | |

૩. એડહોક પેમેન્ટમાંથી બંને સત્રની ટયુશન ફી કાપવામાં આવી હતી કે એક જ સત્રની ?

૪. શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આપને કોઇ મુશ્કેલી પડતી હોય તો તે જણાવો.

૫. શિષ્યવૃત્તિની યોજના સરળ બનાવવા માટે આપના કોઇ સૂચનો હોય તો તે જણાવો

૬. વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવે છે કે કેમ ?

૭. જો વસુલ લેવામાં આવતી હોય તો તે શિષ્યવૃત્તિની રકમ સાથે જ પરત આપવામાં આવે છે કે પાછળથી ?

૮. કોલેજ હોસ્ટેલમાં પછાતવર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ આવે ત્યારે ભોજનખર્ચ યા અને હોસ્ટેલ ફી સીધી કાપી લેવાની સગવડ કોલેજ તરફથી અપાતી હોય તો તે અંગેની નોંધ

(ક) શિષ્યવૃત્તિ મંજૂર કરવાની પધ્ધતિના સંદર્ભમાં

(ઢ) શિષ્યવૃત્તિના દરના સંદર્ભમાં

(૨) સમાજ કલ્યાણ ખાતામાંથી કોલેજને શિષ્યવૃત્તિની રકમ અપાયા પછી, વિદ્યાર્થીઓને તે સમયસર અપાય છે કે કેમ તેની ચકાસણીની આવશ્યકતા ખરી ?

જો હા તો તેની વ્યવહારૂ પધ્ધતિ અંગે આપનાં સૂચનો.

(૩) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમુગ્ર વર્ષમાં કેટલા હપ્તે આપવી જોઇએ એમ આપને લાગે છે ? આ અંગે અપનાવવાની વ્યવહારૂ પધ્ધતિ અંગે આપનાં અન્ય કોઇ સૂચનો હોય તો તે.

(૪) શિષ્યવૃત્તિનો દર, વિદ્યાર્થીઓના વર્તમાન ખર્ચ પહોંચી વળવા માટે પૂરતો ગણાય ખરો ? આપના જવાબ માટેનાં કારણો :

(૫) આ યોજનાના સરળ અમલીકરણ માટેનાં આપનાં સૂચનો :